RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 15-07-2026 I VOL : 12 I Issue : 120 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

મનુષ્યની ઓળખ તેના વર્તનથી થાય છે. ધીરજ અને વિશ્વાસ ચમત્કાર સર્જે છે.

3  બંગાળમાં સત્તા પલટા બાદ બોલ્ડ લેખિકા તસલીમા નસરીન કોલકાતામાં વાપસી કરશે!

4  હોર્મુઝમાં દરેક જહાજ પાસેથી રૂ.275 કરોડનો ટોલ વસૂલાશે ! ભારતમાં કેટલું મોંઘું થઇ...

6  કંગના રનૌતે આનંદીબેન પટેલની વાતને સાચી ગણાવી

7  ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી વચ્ચે વાતચીત બંધ: રિપોર્ટમાં દાવો

## એક નજર...

### અવનીત કૌરે પિંક ડ્રેસમાં કરાવ્યું ફોટોશૂટ, અભિનેત્રીના સિમ્પલ લુકે જીત્યું ફેન્સનું દિલ



અવનીત સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે અને ઘણીવાર ચાહકો સાથે તેના ફોટા અને વીડિયો શેર કરતી જોવા મળે છે. જેમાં અવનીત ખૂબ જ સુંદર લાગી રહી છે. ફિલ્મ ’ટીકુ વેડ્સ શેરુ’થી બોલિવૂડમાં એન્ટ્રી કરનાર એક્ટ્રેસ અવનીત કૌર સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. અવનીત કૌરના ફોટા આવતા જ સોશિયલ મીડિયા પર પોપ્યુલર થઈ જાય છે.

## NEWS TRACK

### સતત 5 વિસ્ફોટથી બે શહેર ધ્રૂજ્યાં, ઈરાનનો પલટવાર: હોર્મુઝમાં ટ્રમ્પની દાદાગીરી નહીં ચાલવા દઈએ

મિડલ ઈસ્ટમાં ફરી એકવાર યુદ્ધ ફાટી નીકળ્યું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (Strait of Hormuz)માં જહાજો પર થઈ રહેલા હુમલા વિશ્વભરમાં મોટા તેલ સંકટ તરફ ઈશારો કરી રહ્યા છે. આ દરમિયાન ઈરાનના બુશેહર અને બંદર અબ્બાસ શહેર નજીક જોરદાર વિસ્ફોટ થયા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા હોર્મુઝમાં ઈરાન વિરુદ્ધ નાકાબંધી પુનઃસ્થાપિત કરવા અને જહાજો પાસેથી ટેક્સ વસૂલવાની જાહેરાત બાદ ઈરાન પણ આક્રમક મૂડમાં આવી ગયું છે. ઈરાનની સેનાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, અમેરિકાની ધમકી કે સૈન્ય કાર્યવાહીથી હોર્મુઝ ક્યારેય નહીં ખુલે. ઈરાની ન્યૂઝ એજન્સી IRNAના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ઈરાનમાં આવેલા બુશેહરમાં (જ્યાં પરમાણુ મથકો આવેલા છે) 4 સ્થળો પર અમેરિકી મિસાઈલો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. આ પહેલા ઈરાનના સરકારી ટેલિવિઝને અહેવાલ આપ્યો હતો કે, દક્ષિણના શહેર બંદર અબ્બાસ નજીક ઓછામાં ઓછા 5 વિસ્ફોટના અવાજ સંભળાયા હતા.

### અમેરિકાને કોઈ અધિકાર નથી, લૂંટારું ન બને... ટ્રમ્પની 20% ટેક્સની જાહેરાતથી બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ ભડક્યા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોર્મુઝ સ્ટ્રેટ(જળમાર્ગ) પરથી પસાર થતા માલવાહક જહાજો પર 20%નો મોટો ટોલ ટેક્સ લગાવવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પના આ આયોજન સામે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂઈસ ઈનાસિયો લૂલા ડા સિલ્વા ભારે નારાજ થયા છે. તેમણે ટ્રમ્પના આ નિર્ણયની આકરી ટીકા કરી છે. ટ્રમ્પના નિર્ણયને ગણાવી ’ડકેતી’ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે અમેરિકા હવેથી ’હોર્મુઝ સ્ટ્રેટના રક્ષક’ તરીકે કામ કરશે અને આ સુરક્ષાના બદલામાં ત્યાંથી પસાર થતાં કાર્ગો પર 20% ચાર્જ વસૂલશે. આ વાત પર તંજ કસતા બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખે જણાવ્યું કે, ’જૂના જમાનામાં આ જ વસ્તુને ડકેતી કહેવામાં આવતી હતી.’ અમેરિકા પોતે લૂંટારું ન બને: લૂલા બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખે આંતરરાષ્ટ્રીય નિયમોનો હવાલો આપતા અમેરિકાને કડક શબ્દોમાં સલાહ આપી છે. તેમણે કહ્યું કે, ’અમેરિકા જેવો મોટો અને મહત્ત્વનો દેશ હવે પોતે જ એક દરિયાઈ લૂંટારું ન બની શકે.’ તેમણે વોશિંગ્ટન પર આરોપ લગાવ્યો કે ટ્રમ્પ સરકાર બીજાની મુશ્કેલીઓમાંથી નફો કમાવવાનો પ્રયાસ કરી રહી છે.

### પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે

# નીતિન ગડકરી અને ઈથેનોલ અંગે ભ્રામક બોલવું ભારે પડ્યું

**તહેરાન**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરી, ટોયોટા કંપની અને ઈથેનોલ પ્રોજેક્ટ અંગે સોશિયલ મીડિયા પર કથિત રીતે ખોટી માહિતી ફેલાવવાના આરોપમાં નાગપુર શહેર સાયબર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે આ મામલે 4 જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સામે FIR દાખલ કરી છે. આ ઈન્ફ્લુએન્સર્સ સામે ગુનો દાખલ થયો નાગપુર ભાજપ સોશિયલ મીડિયા સેલના પ્રમુખ શિશિર ત્રિપાઠીની ફરિયાદના આધારે પોલીસે આ ગુનો નોંધ્યો છે. જેમાં પ્રખ્યાત યુટ્યુબર મનીષ કશ્યપ ઉપરાંત ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુએન્સર્સ ’દેશી બોયઝ’, હર્ષિત રાઠી અને અંકલેશ ઈનવાતે નામના એકાઉન્ટ્સનો સમાવેશ થાય છે. FIR મુજબ, આ તમામ ઈન્ફ્લુએન્સર્સે પોતાના યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ઈથેનોલ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને લઈને એવા વિડીયો અને પોસ્ટ શેર કર્યા હતા, જેમાં ભ્રામક અને તથ્ય વગરની વાતો લખવામાં આવી હતી. આ



વાયરલ સામગ્રીથી લોકોમાં ખોટો ભ્રમ પેદા થવાની અને સરકારની છબી ખરડાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ફરિયાદમાં એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે, આ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ઈથેનોલ પ્રોજેક્ટ સાથે જોડાયેલા મોટા-મોટા દાવા કોઈપણ પુરાવા કે સચોટ માહિતી વગર રજૂ કરવામાં આવ્યા હતા.

## હાફિઝ સઈદ વિરુદ્ધ જમ્મુ કોર્ટમાંથી બિન-જામીનપાત્ર વોરંટ જાહેર

**નવી દિલ્હી**

જમ્મુની સ્પેશિયલ કોર્ટે લશ્કર-એ-તૈયબાનો આતંકી હાફિઝ સઈદ વિરુદ્ધ પહેલગામ આતંકી હુમલાના કેસમાં બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. કોર્ટે કહ્યું કે નિષ્પક્ષ તપાસ માટે હાફિઝ સઈદને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરવી પડશે. કોર્ટે 8 જુલાઈએ જારી કર્યું હતું, જોકે માહિતી મંગળવારે સામે આવી છે. 6 જુલાઈએ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ પહેલગામ હુમલાને લઈને પૂરક ચાર્જશીટ રજુ કરી હતી. એજન્સીએ કહ્યું હતું કે બૈસરનઘાટીમાં થયેલા આતંકી હુમલાનું કાવતરું હાફિઝ સઈદે જ રચ્યું હતું. NIAએ હાફિઝ પર ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનો આરોપ લગાવ્યો છે. 22 એપ્રિલ 2025ના રોજ આતંકવાદીઓએ પહેલગામની બૈસરન ઘાટીમાં ગોળીબાર કર્યો હતો. પ્રવાસીઓનો ધર્મ પૂછીને તેમની હત્યા કરવામાં આવી હતી. હુમલામાં 26 પ્રવાસીઓ માર્યા ગયા હતા. ત્યારબાદ ભારતે 6-7 મેની રાત્રે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પાકિસ્તાન અને PoKમાં 9 ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. ભારતનો દાવો છે કે, આમાં 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

### ભારત બનાવશે હાઇ ઑલ્ટિટ્યુડ એરશિપ

# 15 હજાર કરોડનો પ્રોજેક્ટ, ચીનની ગતિવિધિઓ પર નજર

**નવી દિલ્હી**

ભારતે 20 કિલોમીટરથી વધુની ઊંચાઈએ ઉડી શકે તેવા સ્વદેશી હાઇ ઑલ્ટિટ્યુડ એરશિપ બનાવવાની મહત્ત્વાકાંક્ષી યોજના શરૂ કરી છે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ અંદાજે 15,000 કરોડ રૂપિયા થશે. તેનો મુખ્ય હેતુ લાંબા સમય સુધી દેખરેખ, ગુપ્ત માહિતી એકત્રિત કરવા અને સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રોજેક્ટ ભારતીય વાયુસેનાના ડાયરેક્ટોરેટ ઑફ ઓપરેશન્સ(રિમોટ)ની દેખરેખ હેઠળ ચલાવવામાં આવી રહ્યો છે. તેને સંરક્ષણ મંત્રાલયની ‘મેક-I’ યોજના અંતર્ગત વિકસાવવામાં આવશે, જેમાં સરકાર સંશોધન અને વિકાસ(R&D) ખર્ચના 70 ટકા સુધીનો હિસ્સો ભોગવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એરશિપને ’એરશિપ-બેઝ્ડ હાઇ ઑલ્ટિટ્યુડ સ્યુડો સેટેલાઇટ’ (AS-HAPS) નામ આપવામાં આવ્યું છે. તે 20 કિલોમીટરથી વધુની ઊંચાઈએ સતત કેટલાક મહિનાઓ સુધી ઉડવા માટે



સક્ષમ હશે. આ એરશિપમાં રડાર, હાઈ-રિઝોલ્યૂશન કેમેરા અને ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ સિસ્ટમ જેવા આધુનિક સેન્સર લગાવવામાં આવશે, જે દુશ્મનની ગતિવિધિઓ પર સતત નજર રાખશે. ડ્રોન અને સેટેલાઇટ વચ્ચેનું અંતર પૂરું કરશે આ સિસ્ટમ ડ્રોન અને સેટેલાઇટ વચ્ચેની ક્ષમતાના અંતરને દૂર કરશે. સામાન્ય સૈન્ય ડ્રોન આશરે 12 કિલોમીટરની ઊંચાઈ સુધી ઉડે છે.

# ધમકીઓથી ડરશે નહીં ‘પાક્કો ગુજરાત’: સત્ય ઉજાગર કરતાં જ કમાઉ દીકરા ભુપત રબારીના હોશ ઉડ્યા;

## ‘પાક્કો ગુજરાત’ના તંત્રી પવન માકનને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી અને ગંદી ગાળો ભાંડતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ!

**કરજણ/વડોદરા**

વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં ધમધમતા કરોડોના હપ્તા રાજ, ગેરકાયદેસર દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને જુગારધામોના સનસનાટીભર્યા અહેવાલો પ્રસિદ્ધ થતાં જ ભ્રષ્ટાચારીઓ, વહીવટદારો અને બુટલેગરોના સામ્રાજ્યમાં જોરદાર ભૂકંપ આવી ગયો છે. વડોદરા એલસીબી પીઆઈના કહેવાતા કમાઉ દીકરા અને હપ્તાખોરીના વહીવટદાર ભુપત રબારીનો અસલી ચહેરો જ્યારે ‘પાક્કો ગુજરાત’ અખબારે પુરાવા સાથે આખા રાજ્ય સામે ખુલ્લો પાડ્યો, ત્યારે અકળાયેલા અને ભયભીત થયેલા આ સરકારી કારકુને પત્રકારત્વના ચોથા સ્તંભને ડરાવવાનો અને દબાવવાનો અત્યંત નીચ પ્રયાસ કર્યો છે.

ભુપત રબારીએ પોતાની સત્તા અને કથિત પાવરના નશામાં ચૂર થઈને ‘પાક્કો ગુજરાત’ ન્યૂઝ પેપરના મુખ્ય તંત્રી પવન માકનને ફોન કરીને જાહેરમાં જાનથી મારી નાખવાની ધમકી આપી છે. અત્યંત શરમજનક અને ગંદી ગાળો ભાંડતા આ વહીવટદારે ધમકી આપી છે કે, ‘જો ફરીથી મારા કે મારા સાહેબોના વિરુદ્ધ ન્યૂઝ પેપરમાં કંઈ પણ છાપ્યું, તો તને રસ્તા વચ્ચે જ પતાવી દઈશ અને ગંભીર રીતે માર મારીશ.‘

આ સનસનાટીભરી ઘટના બાદ નીડર તંત્રી પવન માકને તાત્કાલિક અસરથી રાજ્યના મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને વડોદરા જિલ્લા પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલને પુરાવા સાથે લેખિત ફરિયાદ મોકલી આપી છે અને આ ભ્રષ્ટ-ગુંડાતત્વ સામે તાત્કાલિક ગુનો નોંધી કડક જેલ ભેગો કરવાની માંગ કરી છે.

### તંત્ર જાગે અને જુએ: આ છે પીઆઈના વહીવટદાર ભુપત રબારીની અસલી ઓકાત!

કાયદાની રક્ષા માટે સરકારી પગાર અને વર્દી મેળવનારા આ વહીવટદારની હિંમત એટલી હદે ખુલી ગઈ છે કે તે હવે ખુદ મીડિયા હાઉસના એડિટરનું ગળું દબાવવા નીકળ્યો છે. કરજણમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓની પોલ ખોલતો અહેવાલ પ્રસારિત થયા બાદ આખી ભ્રષ્ટ ગેંગનો વહીવટ જોખમાઈ ગયો છે. અહેવાલમાં કરજણ પોલીસ મથકથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા કરમડી ગામમાં ચાલતી ૧૫થી વધુ કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂની ભઠ્ઠીઓ, કુલારી અને સાપા ગામમાં ચાલતો વરલી મટકાનો જુગાર, ભાજપ યુવા મોરચાના કથિત હોદ્દેદાર પાર્થ શાહના નામે ચાલતો વિદેશી દારૂનો કાળો કારોબાર અને કંડારી-બારીયાવાસના અંગ્રેજી દારૂના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની રેડ પડે તે પહેલા જ વડોદરા એલસીબીની આ ભ્રષ્ટ ટોળકી બુટલેગરોને લોકેશન લીક કરીને કહી દે છે કે ’ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!’ આ અતિ ગંભીર અને દેશદ્રોહ સમાન પ્રવૃત્તિની પોલ ખોલતા જ વહીવટદાર ભુપત રબારી પોતાના સાહેબોની કરોડોની હપ્તા કમાણી બંધ થઈ જવાના ડરથી ગૂંડાગર્દી પર ઉતરી આવ્યો છે.

### વડોદરા જિલ્લા પોલીસ વડા (SP) સામે સીધા સવાલો: શું ભ્રષ્ટાચારીઓનું મૌન સમર્થન છે?

૧. પોલીસ મહાનિરીક્ષક અને વડોદરા એસપી સુશીલ અગ્રવાલ પોતાના નાકની નીચે ચાલતા આ કરોડોના હપ્તા રાજ અને પત્રકારને જાનથી મારી નાખવાની ધમકી આપતા ભુપત રબારી સામે ત્વરિત પગલાં કેમ નથી લેતા? શું વહીવટદારોના આ હપ્તાઓની વહેંચણી ઉપર સુધી જાય છે?

૨. એક પત્રકાર અને તંત્રીને આવી ગંભીર ધમકી આપવા છતાં પણ જો ભુપત રબારી ખુલ્લેઆમ ફરતો રહેશે, તો વડોદરા પોલીસની શાખ ધૂળમાં મળી જશે. આવા ગુંડા તત્વો સામે ક્યારે ગુનો દાખલ થશે?

૩. ગાંધીનગરમાં બેઠેલા ગૃહમંત્રી હર્ષ સંઘવી જે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાના ચુસ્ત અમલના દાવા કરે છે, તેઓના જ ડ્રાઈવની ઐસીતૈસી કરનારા આ વહીવટદારો સામે રાજ્ય સરકાર ક્યારે લાલ આંખ કરશે?

### ધમકીઓથી ‘પાક્કો ગુજરાત’ નમે પણ નહીં અને અટકે પણ નહીં!

**‘પાક્કો ગુજરાત’ અખબાર સ્પષ્ટ શબ્દોમાં આ ભ્રષ્ટ પોલીસ કર્મીઓ અને વહીવટદારોને ચેતવણી આપે છે કે, લોકશાહીના ચોથા સ્તંભને આવી ટપોરીઓ જેવી ધમકીઓથી ક્યારેય દબાવી શકાશે નહીં. જનતાનો અવાજ બનીને સત્ય છાપવાની અમારી સફર વધુ ઉગ્રતાથી ચાલુ રહેશે. પત્રકારો સામે ગુંડાગર્દી આચરતા ભ્રષ્ટ કર્મી ભુપત રબારી, ખોડા રબારી અને આખા હપ્તા નેટવર્ક સામે હવે ‘પાક્કો ગુજરાત’ કાનૂની અને પત્રકારત્વના સ્તરે આરપારની લડાઇ લડવા સજ્જ બન્યું છે.**

**હવે જોવાનું એ રહેશે કે, મુખ્યમંત્રી અને ગૃહમંત્રીની સ્વચ્છ છબીને ખરડનારા અને પત્રકારને મારી નાખવાની ધમકી આપનારા આ ભ્રષ્ટ પોલીસ વહીવટદાર પર ગાંધીનગરથી ક્યારે કડક હથોડો ઝીંકાય છે અને તેને જેલના સળિયા પાછળ ધકેલાય છે!**




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ભરૂચ સિવિલમાં ચાંદીપુરા વાયરસને અનુલક્ષીને આઈસોલેશન વોર્ડ તૈયાર

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસને અનુલક્ષીને ખાસ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. જિલ્લામાં એક પણ કેસ નોંધાયો નથી છતાં તકેદારીના પગલાં લેવાયાં છે. ભરૂચમાં પણ ચાંદીપુરા વાયરસને લઈ આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. ભરૂચ સિવિલ હોસ્પિટલનું સંચાલન કરતી ડૉ. કિરણ સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તકેદારીના ભાગરૂપે સિવિલ હોસ્પિટલમાં ખાસ સ્પેશિયલ વોર્ડ તૈયાર કરાયો છે.ચાંદીપુરા વાયરસના સંભવિત કેસોને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. કોઈ શંકાસ્પદ દર્દી સામે આવે તો તેને તાત્કાલિક જરૂરી સારવાર અને દેખરેખ હેઠળ રાખી શકાય તે માટે અલગ વોર્ડની વ્યવસ્થા ઉભી કરાઈ છે. હોસ્પિટલ તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત ઊભી થાય તો દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે માટે સજ્જ છે.

ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેન્ડ ફ્લાયના કરડવાથી ફેલાય છે. આ વાયરસ બાળકોમાં વધુ ગંભીર અસર કરી શકે છે. તેના મુખ્ય લક્ષણોમાં અચાનક તાવ, માથાનો દુખાવો, ઊલટી, આંચકી આવવી, બેભાન થવું અને મગજ પર અસર થવી સામેલ છે. આ વાયરસ માટે હાલ કોઈ ચોક્કસ એન્ટિવાયરલ દવા ઉપલબ્ધ નથી. સમયસર હોસ્પિટલમાં દાખલ કરી તાવ નિયંત્રણ, પ્રવાહી આપવું, શ્વાસ અને અન્ય જરૂરી સહાયક સારવાર જ મુખ્ય ઉપચાર છે.

## ઈડરમાં ભગવાન જગન્નાથ મામાના ઘેરથી નિજધામ પરત ફર્યા

ઈડર, જાકીર મેમણ

16મી જુલાઈએ ઈડરમાં નીકળશે 28મી રથયાત્રા સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ભગવાન જગન્નાથ ચાર દિવસના મામાના ઘેર રોકાણ બાદ વાજતે-ગાજતે નિજધામ પરત ફર્યા. સંતો-મહંતો અને સ્થાનિક રહીશો દ્વારા ભગવાનની ભવ્ય આરતી ઉતારવામાં આવી હતી તેમજ ભગવાનને સુંદર આભૂષણોથી સુશોભિત કરાયા હતા. આજુબાજુના લોકો એકત્રિત થઈને 'જય રણછોડ, માખણ ચોર'ના નારા અને ડીજેના તાલે પ્રભુને ભાવભીની વિદાય આપી રહ્યા હતા. આગામી 16મી જુલાઈના રોજ અષાઢી બીજના પવિત્ર દિવસે ઈડરમાં ભગવાન જગન્નાથની 28મી ભવ્ય રથયાત્રા યોજાનાર છે, જેને લઈને સમગ્રનગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.કોઈપણઅનિચ્છનીય બનાવ ન બને અને રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ઈડર પોલીસ સવારથી જ ઈન્દ્રનગર સોસાયટી ખાતે બંદોબસ્તમાં તૈનાત રહી હતી અને રથયાત્રાના રૂટ પર સુરક્ષાની સંપૂર્ણ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

## હિંમતનગરના ખેડ તસીયા રોડ પર રાત્રે કારમાં આગ લાગી

ઈડર, જાકીર મેમણ

સુંદરગઢ નજીક શોર્ટ સર્કિટથી લાગી, કારચાલક પોલીસકર્મી સહિત ત્રણનો બચાવ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ખેડ તસીયા રોડ પર સુંદરગઢ ગામ નજીક ગત રાત્રે એક કારમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. સમયસૂચકતા વાપરીને કારચાલક સહિત ત્રણ વ્યક્તિઓ બહાર નીકળી જતાં તેમનો બચાવ થયો હતો. ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો.

હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગના ફાયર ઓફિસર મયંક પટેલે જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે આશરે ૧૨ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. ખેડ તસીયા રોડ પર સુંદરગઢ પાટિયા પાસે GJ 18.BG.4665 નંબરની સ્વિફ્ટ કારના આગળના બોનેટના ભાગે શોર્ટ સર્કિટ થતાં એન્જિનમાં આગ લાગી હતી. કારચાલક પોલીસકર્મી ભૂપેન્દ્રસિંહ ચૌહાણ સહિત ત્રણ વ્યક્તિઓ તાત્કાલિક કારમાંથી બહાર નીકળી ગયા હતા. જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. ફાયર ટીમને કોલ મળતાં તેઓ સ્થળ પર પહોંચ્યા અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી.

## રાતના અંધારામાં હાઇવે પર રડતી હાલતમાં મળી આવેલી 11 વર્ષની બાળકીને લીમડી પોલીસે કલાકોમાં પરિવાર સાથે મિલાવી

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ-ઝાલોદ હાઈવે પર પાવડી ગામ નજીક રાતના અંધારામાં એકલી અને રડતી હાલતમાં મળી આવેલી આશરે 11 વર્ષની બાળકીને લીમડી પોલીસે ગણતરીના કલાકોમાં તેના પરિવાર સાથે મિલાવી માનવતાનું પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. મળતી માહિતી મુજબ, લીમડી પોલીસ સ્ટેશનની શી ટીમ હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન હતી ત્યારે પાવડી ગામ નજીક એક બાળકી ગભરાયેલી અને રડતી હાલતમાં મળી આવી હતી. ટીમે તાત્કાલિક બાળકીને સુરક્ષિત રીતે લીમડી પોલીસ સ્ટેશન લાવી તેની સંભાળ લીધી હતી. લીમડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.પી. પટેલના માર્ગદર્શન હેઠળ શી ટીમના કર્મચારીઓએ બાળકીને પ્રેમ અને આત્મીયતાથી તેની ભાષામાં વાતચીત કરી હતી. ત્યારબાદ બાળકીએ પોતાનું નામ પ્રતિક્ષાબેન જેન્તીભાઈ નીનામા હોવાનું જણાવ્યું હતું. તેણે જણાવ્યું કે તે ચોસાલા ગામની આશ્રમશાળામાં અભ્યાસ કરે છે અને સાંજે આશરે પાંચ વાગ્યે આશ્રમશાળામાંથી નીકળી ગયા બાદ રસ્તો ભૂલી જતાં ચાલતી-ચાલતી રાતના સમયે હાઈવે સુધી પહોંચી ગઈ હતી. પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી બાળકીના પિતા જેન્તીભાઈ કડકીયાભાઈ નીનામા, રહે. થાળા, તળાવ ફળિયું, તા. ગોવિંદગુરૂ લીમડી, જી. દાહોદનો સંપર્ક સાધ્યો હતો. જરૂરી ચકાસણી બાદ બાળકીને તેના પિતાને સુરક્ષિત રીતે સોંપવામાં આવી હતી.

પોતાની દીકરીને સુરક્ષિત પરત મળતા પરિવારજનોએ લીમડી પોલીસ, પોલીસ ઈન્સ્પેક્ટર વી.પી. પટેલ તેમજ શી ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## અંકલેશ્વરના દંપતીએ લોનના નામે 19 લાખની છેતરપિંડી આચરી : વિધિ ટ્રાન્સપોર્ટના મહિલા એકાઉન્ટને સહકર્મીએ બાટલીમાં ઉતાર્યા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા નજીક આવેલા સંસ્કાર બંગ્લોઝમાં રહેતા એક દંપતી સાથે ઈન્વેસ્ટમેન્ટ અને લોન અપાવવાની લાલચ આપી 19 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટના અંગે અંકલેશ્વર GIDC પોલીસે ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, સંસ્કાર બંગ્લોઝમાં રહેતા સુશીલા ઉર્ફે આરતી શુકલા અંકલેશ્વર GIDC સ્થિત વિધિ ટ્રાન્સપોર્ટના એકાઉન્ટ વિભાગમાં નોકરી કરે છે. તેમની સાથે નોકરી કરતા ભાવિક ત્રિવેદી અને તેની પત્ની અંકિતા ત્રિવેદીએ પોતે 'ગ્રીન માઈન્ડ કન્સલ્ટ' નામની ફાઈનાન્સ કંપની ચલાવતા હોવાનો પરિચય આપ્યો હતો.

આરોપી દંપતીએ ફરિયાદીને વિવિધ બેંકોમાંથી સરળતાથી મોટી રકમની લોન અપાવી દેવાની ખાતરી આપી હતી. તેમણે એવી લાલચ આપી હતી કે લોનની રકમમાંથી 40% લાભાર્થીને મળશે અને બાકીના 60% ભારત સરકારની વિવિધ રોકાણ યોજનાઓમાં ઈન્વેસ્ટ કરીને નાણાં ડબલ કરી દેવામાં આવશે. આ સાથે જ મળતા નફામાંથી બેંકના હપ્તા પણ પોતે જ ભરી દેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.

આ પ્રલોભનમાં આવીને ફરિયાદી દંપતીએ આરોપીઓ પર વિશ્વાસ મૂક્યો હતો. જોકે, ઈન્વેસ્ટમેન્ટના નામે 19 લાખ રૂપિયા મેળવી લીધા બાદ આરોપીઓએ વાયદા મુજબ કોઈ લાભ આપ્યો ન હતો અને લોનના હપ્તા પણ ભર્યા ન હતા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં ફરિયાદીએ અંકલેશ્વર GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી દંપતી પૈકી ભાવિક ત્રિવેદીની ધરપકડ કરી છે અને તેની પત્નીની શોધખોળ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વડોદરામાં સત્તાધીશોની સરમુખત્યારશાહી અને ભ્રષ્ટાચારની ભયાનક જુગલબંદી

# નર્મદા નદીનું અસ્તિત્વ જોખમમાં મૂકતા ખનન માફિયાઓ બેફામ : બરોડા ડેરીથી લઈને જીલ્લા પંચાયત સુધી અબજોના ખેલ!




### ખાણ ખનીજ વિભાગના કમિશનર ધવલ પટેલ અને ફ્લાઈંગ સ્કોડના ચાવડા સાહેબની રહેમનજર હેઠળ કરોડોની રોયલ્ટી ચોરી; સત્તાધારી પક્ષના મોટા માથાઓના પાપ ઉજાગર કરતો 'પાક્કો ગુજરાત'નો અત્યાર સુધીનો સૌથી મોટો ધડાકો!

વડોદરા/કરજણ

ગુજરાતમાં ઈમાનદારી અને પારદર્શક શાસનના વચનો આપતી સરકારના કાયદાના લીરેલીરા ઉડી રહ્યા છે. વડોદરા જિલ્લામાં પંચાયતથી લઈને સહકારી ક્ષેત્ર સુધી ભ્રષ્ટાચારની એવી ઉધઈ લાગી છે કે જે આખી સિસ્ટમને અંદરથી ખોખલી કરી રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ જ્યોત્સનાબેન વસંતભાઈ રબારીના પતિ વસંત રબારી સામે ગેરકાયદેસર ખનન અને રોયલ્ટી ચોરીના અત્યંત સજ્જડ પુરાવાઓ સામે આવ્યા છે, જેણે સ્થાનિક રાજકારણના સફેદ વસ્ત્રો પર મોટો ડાઘ લગાવી દીધો છે. સત્તાના નશામાં ચૂર આવા નેતાઓ સામે આખું વહીવટી તંત્ર નતમસ્તક થઈને બેઠું છે.

#### નર્મદાના નીર લોહીલુહાણ: કુદરતી સંપત્તિની નિર્દય લૂંટ સામે તંત્રની લાચારી!

નારેશ્વરથી પાલેજ જવાના મુખ્ય રોડ પર નજર નાખતા જ દેખાઈ આવે છે કે કોઈ પણ સરકારી રોયલ્ટી પાસ કે મંજૂરી વગર ગેરકાયદેસર રેતીના પહાડો ખડકી દેવાયા છે. પવિત્ર નર્મદા નદીના પટમાંથી રાત-દિવસ જેસીબી મશીનો અને ડમ્પરો દ્વારા રેતી ચોરીનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે. કરજણના એસડીએમ શિવમ બારિયા, જિલ્લા કલેક્ટર અને સ્થાનિક મામલતદાર આ લૂંટના મૂક સાક્ષી બનીને બેઠા છે. આ મૌન પાછળ વહેતા મસમોટા હપ્તાઓ અને સત્તાધારી નેતાઓનો દબાવ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો છે.

બરોડા ડેરીમાં મોટો ધાડપાડુ ખેલ: ગરીબ પશુપાલકોની કમાણી પર તરાપ!

ખેડૂતો અને ગરીબ પશુપાલકોની જીવાદોરી સમાન સહકારી માળખાને પણ આ ભ્રષ્ટ ટોળકીએ બાકાત રાખી નથી. બરોડા ડેરીના સત્તાવાર ઓડિટમાં ખુલાસો થયો છે કે સબડોળ ગામે આવેલા ચિલિંગ સેન્ટરમાં અંદાજે ૫૦ થી ૬૦ લાખ રૂપિયાનો મોટો નાણાકીય ઘોટાળો આચરવામાં આવ્યો છે. આટલી મોટી ઉચાપત સરકારી ચોપડે નોંધાઈ હોવા છતાં, ડેરી પ્રશાસન કે ભાજપના જિલ્લા સંગઠનના નેતાઓ કસૂરવારો સામે ગુનો નોંધવાની હિંમત બતાવી શકતા નથી. ગરીબ ખેડૂતોના લોહી-પરસેવાના પૈસા ઓળવી જનારા આ ભ્રષ્ટ નેતાઓને કોનું પીઠબળ મળી રહ્યું છે?

#### ખાણ ખનીજ વિભાગના કમિશનર અને ફ્લાઈંગ સ્કોડનું શંકાસ્પદ મૌન!

વડોદરા જિલ્લામાં ચાલતી આ લૂંટને ડામવાની જેની મુખ્ય જવાબદારી છે, તે ખાણ ખનીજ વિભાગ પોતે જ આ ખેલમાં સામેલ હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. વિભાગના કમિશનર ધવલ પટેલ અને ફ્લાઈંગ સ્કોડના ચાવડા સાહેબના નાકની નીચે સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઉચ્ચ અધિકારીઓનું કથિત કામ માત્ર નિયમિત હપ્તા વસૂલવાનું રહી ગયું છે, જેના લીધે ખનન માફિયાઓને કોઈનો ડર રહ્યો નથી.

'પાક્કો ગુજરાત'ના સીએમઓ (CMO) અને સરકારને સીધા સવાલો:

૧. સીધો સવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને: ખાણ અને ખનીજ વિભાગ સીધો આપના તાબા હેઠળ કામ કરે છે, છતાં આપની નીચે જ કરોડોની રોયલ્ટી ચોરીના ખેલ ચાલે છે. તમામ પુરાવાઓ આપની કચેરી સુધી પહોંચ્યા હોવા છતાં આ માફિયાઓ સામે કડક પગલાં કેમ લેવામાં આવતા નથી?

૨. ધવલ પટેલ અને ચાવડા સામે આકરી તપાસ ક્યારે?: ખાણ ખનીજ વિભાગના કમિશનર ધવલ પટેલ અને ફ્લાઈંગ સ્કોડના ચાવડા સાહેબની મિલકતોની એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા તપાસ કરાવીને ગુનો ક્યારે દાખલ કરાશે?

૩. પશુપાલકોના લૂંટારુઓ ક્યારે જેલ જશે?: બરોડા ડેરીના સબડોળ ચિલિંગ સેન્ટરમાંથી લાખો રૂપિયા ચાઉં કરી જનારા ચોરો સામે ગુનો નોંધી જેલ ભેગા કેમ કરવામાં આવતા નથી?

૪. બુલડોઝર એક્શન ક્યારે?: સામાન્ય પ્રજા પર કાયદાનો કોરડો વીંઝતું પ્રશાસન સત્તાના જોરે કુદરતી સંપત્તિ લૂંટતા વસંત રબારી જેવા વગદાર કૌભાંડીઓ પર ક્યારે કાયદાનો હથોડો ચલાવશે?

વડોદરાનું આખું સરકારી અને પોલીસ તંત્ર કાં તો આ અબજોના ભ્રષ્ટાચારના કાળા ખેલમાં ભાગીદાર છે અથવા સત્તાની ધાક નીચે મૂંગું બની ગયું છે. 'પાક્કો ગુજરાત' અખબાર સ્પષ્ટપણે પડકાર ફેંકે છે કે જો આ ભ્રષ્ટ નેતાઓ અને ઉદાસીન અધિકારીઓ સામે તાત્કાલિક કડક કાનૂની કાર્યવાહી નહીં કરાય, તો પ્રજાના હિતમાં 'પાક્કો ગુજરાત' આ અવાજને ગાંધીનગર સુધી વધુ ઉગ્રતાથી ગુંજવતો રહેશે!

### પાક્કો ગુજરાતના અહેવાલનો પડઘો: છોટાઉદેપુરમાં તંત્ર જાગ્યું

## જિલ્લા સેવા સદન બહાર રસ્તામાંથી નીકળેલો જીવલેણ સળિયો દૂર કરાયો, RCC રોડનું રિપેરિંગ પૂર્ણ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર શહેરના જિલ્લા સેવા સદન કચેરીની બહાર આવેલા મુખ્ય આર.સી.સી. માર્ગમાંથી લોખંડનો સળિયો બહાર નીકળી આવ્યો હતો, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓ માટે ગંભીર અકસ્માતનો ભય સર્જાયો હતો. આ ગંભીર મુદ્દે 'પાક્કો ગુજરાત' દૈનિક અખબાર દ્વારા વિશેષ અહેવાલ પ્રસારિત કરવામાં આવ્યા બાદ સ્થાનિક તંત્ર સફાળું જાગ્યું હતું અને હરકતમાં આવ્યું હતું.

'પાક્કો ગુજરાત'માં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ છોટાઉદેપુર નગરપાલિકાના કર્મચારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. તેઓએ સત્વરે કામગીરી હાથ ધરીને રોડનું રિપેરિંગ પૂર્ણ કર્યું હતું અને રસ્તાની વચ્ચેથી બહાર નીકળેલો જીવલેણ સળિયો દૂર કરીને માર્ગને સુરક્ષિત બનાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા સેવા સદન, નગર સેવા સદન સહિત વિવિધ સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ તરફ જતો આ માર્ગ શહેરના સૌથી વ્યસ્ત માર્ગોમાંનો એક છે. અહીંથી દરરોજ હજારોની સંખ્યામાં લોકો અને વાહનો



પસાર થાય છે. રોડમાંથી બહાર નીકળેલો આ સળિયો કોઈ રાહદારીને ઈજા પહોંચાડે અથવા વાહનના ટાયરમાં ઘૂસી જઈને મોટો અકસ્માત સર્જે તેવી ગંભીર શક્યતાઓ ઊભી થઈ હતી, જેને હવે સમયસર ટાળી દેવામાં આવી છે. અખબારમાં સમાચાર પ્રકાશિત થયા બાદ તંત્ર દ્વારા ઝડપી કાર્યવાહી કરવામાં આવતા સ્થાનિક લોકોમાં અને વાહનચાલકોમાં રાહતની લાગણી ફેલાઈ છે. આ સકારાત્મક કામગીરીની સાથે જ નાગરિકોએ તંત્ર પાસે માંગ કરી છે કે આવી જોખમી સ્થિતિ સર્જાય તે પહેલાં જ રસ્તાઓનું નિયમિત નિરીક્ષણ અને સમયસર જાળવણી કરવામાં આવે.

## ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી: વરલી મટકાના જુગારધામ પર ત્રાટકી પોલીસ

નડીયાદ

ખેડા જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને જુગારધામો સામે પોલીસે લાલ આંખ કરી છે. ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચે એક બાતમીના આધારે નડીયાદ વિસ્તારમાં ધમધમતા વરલી મટકા આંક ફરકના જુગારધામ પર ઓચિંતી રેડ પાડીને આ કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ દરોડા દરમિયાન પોલીસે જુગારધામ ચલાવતા મુખ્ય સાગરીત ઈમ્તીયાઝ નબીમીંયા ઉર્ફે ગુલામનબી શેખને રંગેહાથ ઝડપી લીધો છે. ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ માહિતી મળી હતી કે નડીયાદ અને આસપાસના વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાડીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને લૂંટવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સચોટ આયોજન કરીને જુગારના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. અચાનક ત્રાટકેલી પોલીસને જોઈને જુગારધામ પર નાસભાગ મચી ગઈ હતી.

### જગન્નાથજીની રથયાત્રા પૂર્વે ભક્તિમય માહોલ

## નેત્રવિધિ અને પાવન ધ્વજારોહણ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ

અમદાવાદ

ભગવાન શ્રી જગન્નાથજીની અષાઢી બીજની પરંપરાગત રથયાત્રા પૂર્વે સમગ્ર ગુજરાતમાં ભક્તિ અને ઉત્સાહનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રભુના દર્શન કરવા અને રથયાત્રાના મંગલ પર્વના સાક્ષી બનવા માટે ભક્તો આતુર છે. આ ભક્તિસભર વાતાવરણ વચ્ચે પરંપરાગત નેત્રવિધિ પૂજન અને મંદિરના શિખર પર પાવન ધ્વજારોહણનો ભવ્ય મહોત્સવ યોજાયો હતો. આ દિવ્ય અને પાવન પ્રસંગે ગુજરાત રાજ્યના લોકપ્રિય અને કાર્યશીલ ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વિશેષ હાજરી આપી હતી. ભગવાન જગન્નાથજીના દિવ્ય આશીર્વાદ મેળવીને તેઓએ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ધ્વજારોહણ પૂજન કર્યું હતું. લાલ, પીળા અને કેસરી રંગની પવિત્ર ધ્વજાજી જ્યારે મંદિરના શિખર



પર લહેરાઈ ત્યારે ઉપસ્થિત સૌ ભક્તો 'જય જગન્નાથ' અને 'મંદિરમાં કોણ છે, રાજા રામચંદ્ર છે' ના નારા સાથે ઝૂમી ઉઠ્યા હતા. નેત્રવિધિના આ પવિત્ર અવસરે ભગવાનના દર્શન કર્યા બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રથયાત્રા એ માત્ર ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ ગુજરાતની એકતા, ભાઈચારો અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. મહાપ્રભુ જગન્નાથજીના આશીર્વાદ ગુજરાતની જનતા પર સદાય વરસતા રહે અને રાજ્યમાં સુખ, શાંતિ તેમજ સમૃદ્ધિ કાયમ રહે તેવી તેઓએ પ્રાર્થના કરી હતી.

ધ્વજારોહણની આ મંગલ ઘડીએ મંદિરના પૂજ્ય મહંતશ્રી, સાધુ-સંતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ રથયાત્રાના સુચારુ આયોજન અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા પણ કરી હતી.

## ટેટના વિરોધમાં ધરણાંમાં ભરૂચના 584 શિક્ષકો જોડાયાં

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકો પણ ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોના લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણની માગ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લામાંથી 584થી વધુ શિક્ષકો, વિદ્યાસહાયકો, આચાર્યો, એચટાટ આચાર્યો, બીઆરસી-સીઆરસી, જિલ્લા તથા તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારો અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષકોએ સરકાર સમક્ષ 11 મુદ્દાની રજૂઆત કરી હતી. તેમાં ટેટ પરીક્ષામાંથી મુક્તિ, બિનશૈક્ષણિક કામગીરીમાંથી સદંતર મુક્તિ, બીઆરસી-સીઆરસી માટેનો કુલિંગ પિરિયડ દૂર કરવો, વર્ષ 2005 બાદ ભરતી થયેલા કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવો, લાયકાત ધરાવતા શિક્ષકોને વર્ગ-1 અને વર્ગ-2ની પરીક્ષા આપવાની તક આપવા સહિતની માગણી છે.

આ ઉપરાંત એચટાટ આચાર્યોને અન્ય શાળાના ચાર્જમાંથી મુક્તિ, ઓનલાઈન કામગીરી માટે ફરજિયાત કમ્પ્યુટર ઓપરેટરની નિમણૂક, શાળાઓમાં સફાઈ કામદારની વ્યવસ્થા, ધોરણ 1થી 5 સુધી દરેક શાળામાં કમ્પ્યુટર લેબની સુવિધા, વિદ્યાર્થી સંખ્યા મુજબ શિક્ષકોના મહેકમમાં સુધારો તેમજ જિલ્લા ફેરબદલી એકવાર કરાવનાર શિક્ષકોને બીજી વખત તક આપવાની માગનો સમાવેશ થાય છે.

## અંકલેશ્વરમાં દહેજના ત્રાસથી પરિણીતાનો આપઘાત:પોલીસે સાસરિયા પક્ષના પાંચ લોકોની ધરપકડ કરી

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના દઢાલ ગામમાં દહેજના ત્રાસથી એક પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. આ મામલે પોલીસે સાસરિયા પક્ષના પાંચ લોકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના બભની ગામના વેદપ્રકાશ લાલ બહાદુર પાસવાનની પુત્રી ઉજાલાબેન પાસવાનના લગ્ન 7 મે, 2026ના રોજ અંકલેશ્વરના દઢાલ ગામની હરિકૃષ્ણ રેસીડેન્સીમાં રહેતા અજિતકુમાર અવધેશકુમાર પાસવાન સાથે થયા હતા.

લગ્ન પહેલા સાસુ માયાદેવી પાસવાન અને તેમના પરિવારે દહેજ પેટે ઘરવખરીનો સામાન માંગ્યો હતો, જે વેદપ્રકાશ પાસવાને પૂરો પાડ્યો હતો. જોકે, લગ્ન બાદ પણ પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણીએ પરિણીતા પાસેથી સોનાના ઘરેણાં પરત આપવા અને મકાનના પાંચ લાખ રૂપિયાના હપ્તા ભરવા માટે દબાણ કર્યું હતું. તેમને સુવા માટે અલગ રૂમ પણ આપવામાં આવ્યો ન હતો અને દહેજ માટે વારંવાર ઝઘડા કરી મહેણાં-ટોણાં મારવામાં આવતા હતા.

આ ત્રાસના કારણે ગત 11 જુલાઈના રોજ પરિણીતાએ પંખા સાથે સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાના પિતાની ફરિયાદના આધારે અંકલેશ્વર તાલુકા પોલીસે સાસરિયાઓ વિરુદ્ધ દુષ્પ્રેરણા અને દહેજની માંગણીનો ગુનો નોંધી પાંચેય આરોપીઓની ધરપકડ કરી છે.

## અંકલેશ્વરમાં મોબાઈલ ટાવર બેટરી ચોરીનો ભેદ ઉકેલાયો..

### રૂ.2.46 લાખના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC પોલીસે સારંગપુર ગામ વિસ્તારમાં આવેલા મોબાઈલ ટાવરમાંથી થયેલી બેટરી ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી તેની પાસેથી કુલ રૂ. 2.46 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ચોરી અંકલેશ્વરના મીરાનગર ખાતે દુર્ગામાતા મંદિર પાછળ રાજપીપળા રોડ પર આવેલા મોબાઈલ ટાવરમાંથી થઈ હતી. અજાણ્યા શખ્સે ટાવરના કેબિનેટનું તાળું તોડી 16 બેટરી સેલ ચોરી લીધા હતા. દરેક બેટરી સેલની કિંમત રૂ.6 હજાર મુજબ કુલ રૂ.96 હજારનો મુદ્દામાલ ચોરાયો હતો, જે અંગે અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

પોલીસે આ ગુનાની તપાસ દરમિયાન CCTV ફૂટેજ, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કર્યો હતો.

આ માહિતીના આધારે પોલીસે બબલુ ચોકડી નજીક વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન પોલીસે લાલ રંગના બજાજ થ્રી-વ્હીલ ટેમ્પા (નંબર GJ-03-BU-2026) માં ચોરીનો મુદ્દામાલ લઈ જઈ રહેલા રવી જોરુભાઈ પરમારને ઝડપી પાડ્યો હતો.

આરોપી હાલ ભરૂચ ખાતે ઝાડેશ્વર ચોકડી ઓવરબ્રિજ નીચે રહે છે અને મૂળ સારંગપુરનો વતની છે.

બંગાળના સાહિત્યિક અને સાંસ્કૃતિક જગતમાં નવી ચર્ચાઓ શરૂ થઈ

# બંગાળમાં સત્તા પલટા બાદ બોલ્ડ લેખિકા તસલીમા નસરીન કોલકાતામાં વાપસી કરશે!

ઢાકા/કોલકાતા

બાંગ્લાદેશથી નિર્વાસિત જાણીતી લેખિકા તસલીમા નસરીન આશરે 20 વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એકવાર કોલકાતા પરત ફરી રહી છે. સોશિયલ મીડિયા પર આ અપડેટ શેર કરતા તેમણે જણાવ્યું હતું કે તેઓ પહેલી ઓગસ્ટના રોજ રવિન્દ્ર સદનમાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપશે. 'સેક્યુલર મિશન' અને 'HRBAF' દ્વારા આયોજિત આ કાર્યક્રમ કટ્ટરપંથ વિરોધી વિષય પર આધારિત છે, જેમાં સાહિત્યકારો અને કવિઓ પણ સહભાગી બનશે. આ જાહેરાત બાદ બંગાળના સાહિત્યિક અને સાંસ્કૃતિક જગતમાં નવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

તસલીમા નસરીન માટે કોલકાતા ખૂબ જ લગાવભરેલું શહેર રહ્યું છે, પરંતુ વર્ષ 2007માં તત્કાલીન લેફ્ટ સરકાર દરમિયાન થયેલા તીવ્ર વિરોધ પ્રદર્શન અને કાયદો-વ્યવસ્થાની સમસ્યાઓને કારણે તેમને શહેર છોડવું પડ્યું હતું. ત્યાર બાદ પણ તેમણે કોલકાતા પરત ફરવાના અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ સુરક્ષાના કારણોસર તેમના કાર્યક્રમો સતત રદ કરવામાં આવતા હતા. હવે, પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બન્યા બાદ તેમના પરત ફરવા માટે અનુકૂળ સંજોગો સર્જાયા છે.

તસલીમા નસરીનના સંઘર્ષની શરૂઆત વર્ષ 1994થી થઈ હતી, જ્યારે તેમના વિવાદાસ્પદ પુસ્તક 'લજ્જા' બાદ બાંગ્લાદેશમાં ઈસ્લામિક કટ્ટરપંથીઓએ તેમના વિરુદ્ધ ફતવો જારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારથી તેઓ સ્વીડન સહિતના દેશોમાં નિર્વાસિત જીવન જીવી રહ્યા છે.

આયોજકોનું કહેવું છે કે આ આમંત્રણ કટ્ટરવાદ વિરુદ્ધના તેમના લાંબા સંઘર્ષ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટેના તેમના યોગદાનને સન્માનિત કરવા માટે આપવામાં આવ્યું છે. ઉસ્માન મલિક નામના વ્યક્તિએ પણ સોશિયલ મીડિયા પર તેમના પરત ફરવાની ખુશી વ્યક્ત કરી છે. હવે સમગ્ર દેશની નજર 1 ઓગસ્ટ, 2026ના યોજાનાર આ કાર્યક્રમ પર ટકેલી છે. શું આ કાર્યક્રમ કોઈ પણ અવરોધ વગર શાંતિપૂર્ણ રીતે સંપન્ન થશે, તે સૌથી મોટો પ્રશ્ન છે. આ લાંબા સમયગાળા બાદ કોલકાતા તેમની પ્રિય લેખિકાનું કેવી રીતે સ્વાગત કરે છે અને તે સમયે સુરક્ષાની સ્થિતિ કેવી રહે છે, તે જોવું રસપ્રદ બની રહેશે.



'3 ઈડિયટ્સ'ના ચતુરનો ભાવુક વીડિયો

# હું નથી ઈચ્છતો કે ફૂંસુક વાંગડુનો જાન જાય : ઓમી વૈદ્ય

ઉલ્લેખનીય છે કે સોનમ વાંગચુક છેલ્લા ઘણા સમયથી વિવિધ સામાજિક અને ક્ષેત્રીય મુદ્દાઓને લઈને સરકાર સામે અવાજ ઉઠાવી રહ્યા છે

નવી દિલ્હી

બોલિવૂડની સુપરહિટ ફિલ્મ '3 ઈડિયટ્સ'માં 'ચતુર રામલિંગમ'નું યાદગાર પાત્ર ભજવનારા અભિનેતા ઓમી વૈદ્યએ સોનમ વાંગચુકને પોતાનું ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે.

સોનમ વાંગચુક હાલ દિલ્હીના જંતર-મંતર પર પોતાની વિવિધ માંગણીઓને લઈને અનિશ્ચિત ભૂખ હડતાળ પર બેઠા છે. ઓમી વૈદ્યએ સોશિયલ મીડિયા પર એક ભાવુક વીડિયો શેર કરીને લોકોને યાદ અપાવ્યું છે કે ફિલ્મ '3 ઈડિયટ્સ'માં આમિર ખાન દ્વારા ભજવવામાં આવેલું 'ફૂંસુક વાંગડુ'નું પાત્ર વાસ્તવિક જીવનમાં સોનમ વાંગચુકથી જ પ્રેરિત હતું. તેમણે દેશની જનતા અને મીડિયાને આ ગંભીર મુદ્દા પર ધ્યાન આપવા વિનંતી કરી છે.

પોતાના વીડિયોમાં ઓમી વૈદ્યએ ફિલ્મની શૈલીમાં જ સંવેદનશીલતા વ્યક્ત કરતા કહ્યું કે, 'હું નથી ઈચ્છતો કે ફૂંસુક વાંગડુનો જાન જાય.' તેમણે સોનમ વાંગચુક સાથેની પોતાની મુલાકાતને યાદ કરતા તેમને નમ્ર અને પ્રેરણાદાયી વ્યક્તિત્વ ગણાવ્યા હતા. ભૂખ હડતાળને કારણે વાંગચુકની કથળતી જતી તબિયત પર ચિંતા વ્યક્ત કરતા ઓમીએ જણાવ્યું કે, લાંબા સમયથી અન્નનો ત્યાગ કરવાને લીધે તેમનું બ્લડ શુગર લેવલ ખૂબ જ જોખમી સ્તરે પહોંચી ગયું છે. તેમણે મેઈન સ્ટ્રીમ મીડિયાની આ મુદ્દા તરફની ઉદાસીનતા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. આગળ વાત કરતા ઓમી વૈદ્યએ સામાન્ય જનતાને થોડો સમય કાઢીને આ વિષયને સમજવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે, આપણે સૌ ઓફિસના કામો અને ઘરની જવાબદારીઓમાં એટલા વ્યસ્ત છીએ કે ઘણીવાર આવા મહત્વના સામાજિક મુદ્દાઓ પર ધ્યાન આપી શકતા નથી.

પરંતુ તેમણે લોકોને અનુરોધ કર્યો કે, એક ક્ષણ માટે રોકાઈને જુઓ કે જંતર-મંતર પર શું ચાલી રહ્યું છે. જો તમે તેમની માંગણીઓને સમજશો તો તમને આ લડાઈની જરૂરિયાતનો અહેસાસ થશે. ઉલ્લેખનીય છે કે, ઓમી વૈદ્ય અગાઉ દિગ્ગજ અભિનેતા પ્રકાશ રાજ પણ સોનમ વાંગચુકના આંદોલનને સમર્થન આપી ચૂક્યા છે.

# વંદે ભારત ટ્રેનનું 'પ્રીમિયમ' ધોવાયું : માત્ર અઢી મહિનામાં 500થી વધુ ફરિયાદ!

નવી દિલ્હી

વંદે ભારત ટ્રેન જ્યારે શરૂ થઈ એ સમયે રેલયાત્રીઓને એક પ્રીમિયમ ક્લાસ ટ્રેનનો અનુભવ થયો હતો. જાણે કોઈ વિદેશની ટ્રેન ભારતમાં આવીને પ્રવાસીઓને એક હાઈસ્ટાન્ડર્ડ ફીલ કરાવતી હોય એવો અહેસાસ થયો હતો. હવે અન્ય ટ્રેનની જેમ વંદે ભારત ટ્રેનમાંથી પણ સફાઈ નહીં થતી હોવાની અનેક ફરિયાદો મળી રહી છે.

વંદે ભારત ટ્રેનમાં આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના દાવા સાથે પ્રીમિયમ ટ્રેનના નામે વધારે ભાડું પણ વસૂલવામાં આવી રહ્યું છે, ત્યારે પ્રવાસીઓ તરફથી વિવિધ પ્રકારની ફરિયાદોએ રેલવેને ઊંઘતું ઝડપ્યું છે. વંદે ભારતમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓએ જ આ મુદ્દો ઊઠાવ્યો હોવાની વિગત મળી રહી છે. માત્ર અઢી મહિનામાં જ કુલ 537 ફરિયાદ મળી છે. આધુનિક સુવિધાઓ અને સ્પીડને કારણે ચર્ચામાં રહેલી વંદે ભારત ટ્રેનમાં સફાઈ ન થતી હોવાનું પ્રવાસીઓનું કહેવું છે. 327 ફરિયાદ સફાઈને લઈને મળી છે. ખાસ કરીને ઉત્તર રેલવે ઝોનમાં દોડતી વંદે ભારતમાં વંદે ભારતમાં કુલ 537 ફરિયાદ થઈ છે. એમાંથી 327 ફરિયાદ સફાઈને લઈને છે. યોગ્ય મેઈન્ટેનન્સ ન થતું હોવાની 133 ફરિયાદ, પાણીની પ્રાપ્યતાને લઈને 21 ફરિયાદ, કેટરિંગ સંબંધિત 15 ફરિયાદ, ઈલેક્ટ્રિક ડિવાઈસ ખરાબ હોવાની 13, બેડરોલ સંબંધીત 6 ફરિયાદ મળી છે. આ સિવાય આમાં વંદે ભારતમાં સુરક્ષા, ટાઈમટેબલ સંબંધિત દિવ્યાંગોને મળનારી પ્રાથમિક સુવિધાનો અભાવ તથા ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદનો પણ અહીંયા સામાવેશ થાય છે. સૌથી વધુ ફરિયાદ 250 ફરિયાદ દિલ્હી મંડળમાંથી મળી છે. જમ્મુ મંડળમાંથી 150 ફરિયાદ મળી છે. લખનઊ મંડળમાં 97 ફરિયાદ, ફિરોઝપુરમાં 30 અને મુરાદાબાદમાં 10 ફરિયાદ મળી છે. ગયા માર્ચ મહિનામાં રેલવેએ એક મુસાફરની ફરિયાદના આધારે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) પર 10 લાખનો દંડ ફટકાર્યો હતો. તા. 15 માર્ચે પટના-ટાટાનગર વંદે ભારત એક્સપ્રેસમાં પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા અંગે એક મુસાફરે ફરિયાદ નોંધાવી હતી.

# રામમંદિરમાં દાન ગણતરી વ્યવસ્થામાં મોટો બદલાવ : દરરોજ ઓડિટ કરાશે

અયોધ્યા

અયોધ્યા રામમંદિર દાન ચોરી કેસ બાદ હવે દાન ગણતરી વ્યવસ્થામાં બદલાવ કરવામાં આવ્યો છે. આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ટ્રસ્ટના કાર્યકારી મહાસચિવ ડો. કૃષ્ણ મોહનને સોંપાયા બાદ તેમના સહયોગી ચંદન રાય અને જગદીશ આફલેએ એકાઉન્ટ વિભાગનું સંચાલન સંભાળ્યું છે. તેમજ હવે દાનની રકમનું દૈનિક ઓડિટ કરાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સૌથી મહત્વપૂર્ણ ફેરફાર દૈનિક ઓડિટ સિસ્ટમનો કરવામાં આવ્યો છે. જેમાં મંદિરમાં દાનની



આવક અને ખર્ચનું હવે દૈનિક ધોરણે ઓડિટ કરવામાં આવશે. પહેલાં નિયમિત દૈનિક ઓડિટ માટે કોઈ સિસ્ટમ નહોતી. જો કે, નવી સિસ્ટમ હેઠળ નાણાકીય વ્યવહારો તે જ દિવસે ચકાસવામાં આવે છે અને તેનો હિસાબ કરવામાં આવશે.

આ નવી સિસ્ટમ હેઠળ દાન, પ્રસાદ અને કાઉન્ટરમાંથી થતી આવક સહિત તમામ નાણાકીય વસ્તુઓના દૈનિક રેકોર્ડ જાળવવામાં આવી રહ્યો છે. જેમાં દરેક સ્તરે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સંબંધિત રેકોર્ડ સુરક્ષિત રીતે સાચવવામાં આવી રહ્યા છે.

આ વ્યવસ્થા અંગે ટ્રસ્ટ સાથે સંકળાયેલા લોકો માને છે કે દૈનિક ઓડિટ સિસ્ટમના અમલથી ભૂતકાળની તુલનામાં નાણાકીય શિસ્ત અને દેખરેખ મજબૂત બનશે અને દરેક વ્યવહારની તાત્કાલિક ચકાસણી શક્ય બનશે.

# India-UK FTA 15 જુલાઈથી લાગુ, MSMEsને થશે ફાયદો; વિદેશમાં કામ કરનારાનું PF વ્યાજ સહિત ભારતમાં થશે જમા

## બ્રિટનમાં કામ કરી રહેલા ભારતીયોને DCC હેઠળ નેશનલ ઈન્સ્યોરન્સમાં પણ મુક્તિ મળશે

નવી દિલ્હી

ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વ્યાપાર કરાર (FTA) 15 જુલાઈથી અમલમાં આવવા જઈ રહ્યો છે. ત્યારબાદ ભારતથી બ્રિટન મોકલવામાં આવતી તમામ નિકાસ પર કોઈ ઈમ્પોર્ટ ડ્યુટી (આયાત જકાત) લાદવામાં આવશે નહીં. સરકારે જણાવ્યું કે આ ઐતિહાસિક કરારથી ભારતના 99% ઉત્પાદનોને બ્રિટનના બજારમાં ડ્યુટી ફ્રી (જકાત મુક્ત) પ્રવેશ મળી શકશે. ભારત અને બ્રિટન વચ્ચે થયેલા આ કરારથી ખેડૂતો, MSMEs, સ્ટાર્ટઅપ્સ અને આયાતકારો માટે નવી તકો ઊભી થશે. એટલું જ નહીં, બ્રિટનમાં કામ કરી રહેલા ભારતીયોને 'ડબલ કોન્ટ્રિબ્યુશન કન્વેન્શન' (DCC) હેઠળ નેશનલ ઈન્સ્યોરન્સમાં પણ મુક્તિ મળશે.

ભારત અને બ્રિટન વચ્ચે થયેલા આ ઐતિહાસિક કરાર બાદ દેશના 99 ટકા ઉત્પાદનોને ડ્યુટી ફ્રી (જકાત મુક્ત) બજાર મળી શકશે. જેમાં સૌથી વધુ ટેક્સટાઈલ અને ગારમેન્ટ, લેધર ઈન્ડસ્ટ્રી (ચર્મ ઉદ્યોગ), દરિયાઈ ઉત્પાદનો (સી-ફૂડ) અને પ્રોસેસ્ડ ફૂડ, એન્જિનિયરિંગ સામાન અને આઈટી સર્વિસિસ જેવા અનેક ક્ષેત્રોને મોટો ફાયદો થશે. આનાથી ભારતીય સામાનની આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચ સરળ બનશે, સાથે જ તેમની માંગ અને કિંમતમાં પણ વધારો થવાનો અંદાજ છે. આ કરારથી ભારતના ટેક્સટાઈલ, લેધર, ફૂડ પ્રોસેસિંગ અને રત્ન-આભૂષણ (જ્વેલરી) જેવા મુખ્ય નાના અને મધ્યમ કદના ઉદ્યોગસાહસિકો સાથે જોડાયેલા ક્ષેત્રોને સીધો લાભ મળશે. ડ્યુટી ફ્રી થવાને કારણે ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરને નિકાસ વધારવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સારુ બજાર મળી શકશે. આનાથી સ્થાનિક ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા મજબૂત થશે અને તેની સાથે દેશના નિકાસકારોને પણ ફાયદો મળશે.

આ FTAમાં સૌથી ખાસ વાત એ છે કે આમાં 'ડબલ કોન્ટ્રિબ્યુશન કન્વેન્શન' (DCC) હેઠળ બ્રિટનમાં કામ કરી રહેલા ભારતીયોને નેશનલ ઈન્સ્યોરન્સમાં પણ મુક્તિ મળશે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે મીડિયાને જણાવ્યું કે, પહેલા ભારતીય વ્યાવસાયિકો (પ્રોફેશનલ્સ)ના પગારનો આશરે 25 ટકા હિસ્સો બ્રિટન સરકારની સામાજિક સુરક્ષા યોજના (National Insurance)માં જતો રહેતો હતો. હવે આ રકમ ભારતમાં તેમના PF ખાતામાં જમા કરવામાં આવશે, સાથે જ તે રકમ પર વાર્ષિક 8.25 ટકા વ્યાજ પણ આપવામાં આવશે.

## ફારસની ખાડીના હુમલાઓમાં ભારતીય ખલાસીઓની વધુ જાનહાનિ

નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલા યુદ્ધ વચ્ચે ભારતના વિદેશ મંત્રાલયે મહત્વની અપડેટ આપી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ફારસની ખાડીમાં થયેલા હુમલાઓમાં સૌથી વધુ જાનહાનિ ભારતીય ખલાસીઓની થઈ છે.

આ ઉપરાંત વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે તે હાલમાં પશ્ચિમ એશિયામાં બનતી ઘટનાઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત સતત જહાજોની સલામત અવર જવર માટે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વેપાર ચાલુ રાખવાની અપીલ કરી છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પર્શિયન ગલ્ફમાં ફસાયેલા ભારતીય જહાજો અને ખલાસીઓના મુદ્દા પર વાત કરતા કહ્યું કે તમે પૂછેલા પ્રશ્ન અંગે મારી પાસે હાલમાં સંપૂર્ણ વિગતો નથી. જોકે, હું કહી શકું છું કે બે જહાજો પર ગઈકાલે રાત્રે થયેલા હુમલામાં કુલ 30 ભારતીય ખલાસીઓ હતા. જેમાં એક જહાજમાં 12 લોકો સવાર હતા અને એક ભારતીય ખલાસીનું મોત નીપજ્યું.

# 'મારા પર ખોટા આક્ષેપો, સત્ય બહાર લાવીશ' : રામ મંદિર દાન ચોરી મામલે ચંપત રાયનું મોટું નિવેદન

નવી દિલ્હી

અયોધ્યા રામ મંદિર ચઢાવા ચોરી વિવાદમાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી (મહામંત્રી) પદેથી રાજીનામું આપ્યા બાદ ચંપત રાયે પહેલીવાર મૌન તોડ્યું છે. તેમણે રામભક્તોના નામે એક પત્ર જાહેર કરીને પોતાના પર લાગેલા તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે. ચંપત રાયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર રામચરિતમાનસની ચૌપાઈ સાથે આ પત્ર શેર કર્યો છે. ચંપત રાયે પત્રમાં લખ્યું છે કે, 'ગત 7 જૂન 2026 થી શ્રીરામ જન્મભૂમિ મંદિર પરિસરના દાનપાત્રની ગણતરી વખતે થયેલી કથિત ચોરીને લઈને અલગ-અલગ ચર્ચાઓ ચાલી રહી છે. વ્યક્તિગત રીતે મારા પર પણ અનેક ખોટા આરોપો લગાવવામાં આવ્યા છે, તેથી મેં અત્યારે મૌન ધારણ કરી લીધું છે.' તેમણે આગળ જણાવ્યું કે, 6 જુલાઈએ મળેલી ટ્રસ્ટની બેઠકમાં SITનો પ્રારંભિક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો, જે હવે સાર્વજનિક થઈ ગયો છે. આ રિપોર્ટ પહેલા અતિ



ગોપનીય હતો. તેમણે ભક્તોને ભરોસો આપતા લખ્યું કે, 'હું આપ સૌને ખાતરી આપું છું કે SITનો અંતિમ રિપોર્ટ આવ્યા પછી ફેલાવવામાં આવી રહેલી તમામ વાતો પર ક્રમબદ્ધ રીતે મારો જવાબ આપીશ અને આખું સત્ય સામે આવી જશે.' પોતાના લાંબા જાહેર જીવનનો ઉલ્લેખ કરતા ચંપત રાયે કહ્યું કે, 'મને સંગઠને વર્ષ 1991 માં અયોધ્યા મોકલ્યો હતો. હું છેલ્લા 45 વર્ષથી પ્રચારક છું. હું જ્યાં પણ રહ્યો છું, મારું જીવન એક ખુલ્લી કિતાબ જેવું રહ્યું છે.' દાન ચોરી વિવાદ વચ્ચે ટ્રસ્ટે ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાનું રાજીનામું સ્વીકારી લીધું છે. હવે ચંપત રાયની જગ્યાએ કૃષ્ણ મોહનને રામ મંદિર ટ્રસ્ટના અંતરિમ જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટે ભોજશાલા પરિસરમાં

# નમાજની ન આપી મંજૂરી, રાજ્ય સરકારને પરિસરની નજીક નવી જગ્યા આપવા નિર્દેશ

નવી દિલ્હી

ધાર ભોજશાલા મામલે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન એક ખૂબ જ મહત્વનો વળાંક આવ્યો છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, એએસઆઈ (ASI) દ્વારા ભોજશાલા પરિસરમાં કોઈ પણ માળખાકીય ફેરફાર (Structural Changes) કરવામાં આવશે નહીં. ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલા બાગચી અને જસ્ટિસ મોહનાની બેન્ચે આ સંવેદનશીલ મામલાની સુનાવણી બાદ આ આદેશ આપ્યો હતો. આ સિવાય, સુનાવણી દરમિયાન કોર્ટે જ્યાં નમાજ માટે એક વચગાળાની વ્યવસ્થા બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યાં જ હાઈકોર્ટ દ્વારા લંડન મ્યુઝિયમમાંથી વાગ્દેવી (સરસ્વતી)ની મૂર્તિ પાછી લાવવાના આદેશ પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સુનાવણી બાદ મુસ્લિમ પક્ષની અપીલ પર સુપ્રીમ કોર્ટે હિન્દુ પક્ષ, રાજ્ય સરકાર, ડીએમ (DM) અને એએસઆઈ (ASI) ને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. હવે આ મામલે જુલાઈના ત્રીજા સપ્તાહમાં આગામી સુનાવણી હાથ ધરાશે. સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે પરિસરમાં શુક્રવારે નમાજ પઢવા પરનો પ્રતિબંધ યથાવત રહેશે. આ સિવાય, સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે આપવાનો હાલ પૂરતો ઈનકાર કરતા જણાવ્યું હતું કે, ભોજશાલા પરિસરની નજીક નમાજ માટે દર શુક્રવારે બપોરે 1 થી 3 વાગ્યા વચ્ચે અલગ જગ્યા પૂરી પાડવામાં આવે. સુનાવણી દરમિયાન કોર્ટે શુક્રવારની નમાજ ચાલુ રાખવાની મુસ્લિમ પક્ષની માંગ પર વચગાળાની વ્યવસ્થાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાને પૂછ્યું કે શું ભોજશાલા પરિસરની આસપાસ નમાજીઓ માટે કોઈ ખુલ્લી જગ્યા ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે. CJI સૂર્યકાંતે મુસ્લિમ પક્ષને પણ સવાલ કર્યો કે, 'શું આપણે આસપાસના વિસ્તારમાં નમાજની વ્યવસ્થા કરવાનો આદેશ આપી શકીએ? જ્યાં સુધી આ મામલે અંતિમ ચુકાદો ન આવી જાય, ત્યાં સુધી આવી વચગાળાની વ્યવસ્થા કરી શકાય છે.' ચીફ જસ્ટિસે આગળ જણાવ્યું કે, 'અમે અગાઉ વસંત પંચમીના દિવસે પણ એક વચગાળાની વ્યવસ્થા કરી હતી અને બંને પક્ષોને પૂજા-અર્ચના કરવાની મંજૂરી આપી હતી. અમે એ આદેશ ત્યારે આપ્યો હતો જ્યારે મામલો અદાલતમાં વિચારાધીન હતો, પરંતુ હવે હાઈકોર્ટનો અંતિમ ચુકાદો આવી ચૂક્યો છે.' મુસ્લિમ પક્ષના વકીલ હુઝેફા અહમદીએ બેન્ચ સમક્ષ પોતાની વાત રજૂ કરતા કહ્યું કે, શુક્રવારે થનારી નમાજ પર હવે સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.


# હોર્મુઝ જળમાર્ગમાં તણાવ: 7 ભારતીય જહાજ ફસાયા, 148 નાવિકની સુરક્ષા પર મોટો ખતરો

■ ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા વિવાદને કારણે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાની અણી પર

નવી દિલ્હી

એક ચોક્કસ સમયગાળા બાદ ઈરાન-અમેરિકા બન્ને ફરીવાર સામસામે આવી ગયા છે. અમેરિકા હવે લડી લેવાનામાં મૂડ છે તો ઈરાન વૉરસ્ટ્રેટજી અંતર્ગત વળતો જવાબ આપી રહ્યો છે. યુદ્ધના માહોલ વચ્ચે ફરી એકવાર મિડલઈસ્ટના દેશમાં ચિંતા વધી ગઈ છે. ખાસ કરીને ટ્રેડિંગને લઈને દુબઈથી લઈને રીયાધ સુધી કોમોડિટીથી લઈ ક્રૂડ ઓઈલ સુધીના વિષય પર દુનિયાના અનેક દેશ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

ભારતથી પશ્ચિમ એશિયાના દેશમાં વેપાર માટે જે શિપિંગ રૂટ છે તે હોર્મુઝ થઈને જાય છે. મંગળવારે વહેલી સવાર હોર્મુઝ પર ફરી એકવાર મોટો હુમલો



થયો હતો. ઓમાનના સુમુદ્રી વિસ્તારમાંથી પસાર થઈ રહેલા યુનાઈટેડ આરબ અમિરાતના બે તેલ ટેન્કર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક ભારતીય નાવિકનું મૃત્યુ થયું છે, જ્યારે અન્ય છ ભારતીયોને ગંભીર ઈજા પહોંચી છે. મોમ્બાસા ને અલ બહિયાહ નામના બે ટેન્કર દક્ષિણી નૌવહન માર્ગ પાસેથી પસાર થઈ રહ્યા છે. આ જળમાર્ગને અતિસંવેદનશીલ માનવામાં આવે છે. અહીંયા હુમલો થતા દોડધામ મચી ગઈ હતી. આ પહેલા સાઈપ્રસના ધ્વજ વાળા એક ટેન્કર પર હુમલો કરી દેવામાં આવ્યો હતો, જેમાંથી એક ભારતીય નાવિક લાપતા થયો છે.

ઈરાનના ગાર્ડે એવો દાવો કર્યો હતો કે, જહાજને વોર્નિંગ આપવામાં આવી હતી.એ પછી ટાર્ગેટ પર ફાયરિંગ થયું છે. હાલમાં આ રૂટ પરથી શિપિંગ ઑપરેશન બંધ કરી દેવામાં આવ્યા છે. ઈરાન તરફથી આ વિસ્તારમાં સતત અને સખત રીતે થઈ રહેલા હુમલાને કારણે જોખમ ભરી સ્થિતિ ઊભી થઈ છે. દિવસ કરતા રાત પસાર કરવી ભારે થઈ પડી છે. આ ડરને કારણે આ જળરૂટ બંધ કરી દેવામાં આવ્યો છે.

## તંત્રી લેખ...

# સંબંધો પર સમયની આંધી - જ્યાં શબ્દો કરતાં મૌનનો આદર નથી થતો, ત્યાં અંતર વધી જાય છે

વક્ત કી આંધી મેં અક્સર વો રિશ્તે ભી બિખર જાતે હૈં,
જહાં લફ્ઝોં સે ઝ્યાદા ખામોશી કી કદ્ર નહીં હોતી.

આજની આ ભાગદોડ ભરેલી જિંદગીમાં આપણે ભલે ટેકનોલોજીની મદદથી આખી દુનિયા સાથે કનેક્ટ થઈ ગયા હોઈએ, પરંતુ ક્યાંક ને ક્યાંક આપણા અંગત સંબંધોમાં એક મોટો શૂન્યાવકાશ એટલે કે ખાલીપો સર્જાઈ રહ્યો છે. સમય વહેતો રહે છે અને તેની સાથે સંબંધોના સમીકરણો પણ બદલાતા રહે છે. પરંતુ જ્યારે કોઈ સંબંધ પર વક્ત (સમય) ની આંધી ફરે છે, ત્યારે એવા સંબંધો પણ પત્તાના મહેલની જેમ વેરવિખેર થઈ જાય છે જ્યાં એકબીજાના મૌનને સમજવાની શક્તિ નથી હોતી.



આજે પાક્કો ગુજરાતના આ વિશેષ લેખમાં આપણે સંબંધોની એ નાજુક કડી વિશે વાત કરીશું, જેને સાચવવી આજના સમયમાં સૌથી મોટી જરૂરિયાત બની ગઈ છે.

૧. સંબંધોમાં મૌન (ખામોશી) નું મહત્વ શું છે?

કોઈપણ સંબંધની શરૂઆત શબ્દોથી થાય છે. આપણે વાતો કરીએ છીએ, એકબીજાને ઓળખીએ છીએ અને વિચારો શેર કરીએ છીએ. પરંતુ જેમ-જેમ સંબંધ જૂનો અને ઊંડો થતો જાય છે, તેમ-તેમ તેમાં મૌન પ્રવેશ કરે છે.

શબ્દો વિનાની ભાષા: સાચો સંબંધ એ છે જ્યાં બે વ્યક્તિઓ કલાકો સુધી સાથે બેસી રહે, એક પણ શબ્દ ન બોલે, છતાં એકબીજાની હાજરીથી હળવાશ અનુભવે.

ભાવનાત્મક જોડાણ: જ્યારે તમે કોઈની ખૂબ નજીક હોવ છો, ત્યારે તમારી આંખો અને તમારું મૌન ઘણું બધું કહી જાય છે. જો સામેની વ્યક્તિ તમારા એ મૌન પાછળની પીડા, થાક કે પ્રેમ ન સમજી શકે, તો સમજી લેવું કે સંબંધમાં ક્યાંક ઉણપ રહી ગઈ છે.

૨. સમયની આંધીમાં કેમ બખરે છે સંબંધો?

વર્તમાન સમયમાં આપણી પાસે બધું જ છે, બસ એકબીજા માટે સમય નથી. આ વ્યસ્તતા જ સંબંધો માટે આંધી સમાન સાબિત થાય છે.

ઈગો (અહમ) ની એન્ટ્રી: જ્યારે સંબંધોમાં સંવાદ ઘટી જાય અને માત્ર મૌન જ બચે, પણ એ મૌનને જો અભિમાન સમજી લેવામાં આવે, તો તિરાડ પડવાની શરૂઆત થાય છે.

ગેરસમજનો પહાડ: 'તેણે મને પૂછ્યું નહીં' અને 'તેણે મને કશું કહ્યું નહીં' - આ બે વિચારો વચ્ચે સંબંધોનો દમ ઘૂંટાઈ જાય છે. જ્યારે મૌનની કદર નથી થતી, ત્યારે લોકો મનઘડત અર્થો કાઢવા લાગે છે અને ગેરસમજણો વધતી જાય છે.

ધૈર્ય (ધીરજ) નો અભાવ: આજની પેઢીમાં ધીરજનો ભારે અભાવ જોવા મળે છે. સંબંધોમાં આવતા ઉતાર-ચઢાવને શાંતિથી હેન્ડલ કરવાને બદલે લોકો ઉતાવળે નિર્ણયો લઈ લે છે.

૩. શબ્દો કરતાં મૌનની કદર કેમ વધુ જરૂરી છે?

જ્યાર કોઈ વ્યક્તિ ગુસ્સામાં કે દુઃખમાં ચૂપ થઈ જાય છે, ત્યારે તેનું એ મૌન એક પોકાર સમાન હોય છે.

દરેક વખતે દલીલ જરૂરી નથી: ઘણીવાર સંબંધોને બચાવવા માટે મૌન રહેવું વધુ હિતાવહ હોય છે. પરંતુ જો તમારા એ મૌનને તમારી નબળાઈ કે તમારી બેદરકારી માની લેવામાં આવે, તો ત્યાં સંબંધનો અંત નિશ્ચિત બને છે.

માનસિક સાથ: તમારા પાર્ટનર કે મિત્રના ખરાબ સમયમાં તેને લાંબા ભાષણો કે સલાહની જરૂર નથી હોતી. તેને બસ એટલી જ ખાતરી જોઈતી હોય છે કે તેના મૌનમાં પણ તમે તેની સાથે ઊભા છો.

સંબંધોને વિખરાતા બચાવવા માટેની સોનેરી ચાવીઓ:

૧. સાંભળવાની આદત કેળવો: સામેની વ્યક્તિ માત્ર શબ્દો જ નહીં, પણ તેની શાંતિથી શું કહેવા માંગે છે તે સમજવાનો પ્રયત્ન કરો.

૨. અપેક્ષાઓ ઓછી કરો: દરેક વખતે સામેની વ્યક્તિ પોતાની પીડા શબ્દોમાં જ વ્યક્ત કરે તેવી આશા ન રાખો.

૩. ઈગો બાજુ પર મૂકો: સંબંધોમાં જીતવા કરતાં ક્યારેક હારી જવું વધુ સારું છે. જો મૌન તોડવાથી સંબંધ બચતો હોય, તો પહેલ કરવામાં નાનપ ન અનુભવો.

યાદ રાખો:

સંબંધો કાચ જેવા નાજુક હોય છે. સમયની આંધી ગમે તેવી જોરદાર હોય, પણ જો પરસ્પર સમજણ અને એકબીજાના મૌન માટે આદર હશે, તો એ આંધી પણ સંબંધને સ્પર્શ્યા વિના પસાર થઈ જશે. શબ્દોથી તો દુનિયા જીતી શકાય છે, પણ મૌનને સમજીને જે જીતાય છે તેને જ સાચો પ્રેમ કહેવાય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જીવનના બધા જ પ્રસંગો ભાવતાલ કરવાના નથી હોતા

## જ્યાં પ્રેમ અને શ્રમ વચ્ચેનો ભેદ ભૂલાય, ત્યાંથી જિંદગીનો અસલી આનંદ ગાયબ થઈ જાય છે!

**"આયાને પગાર અપાય પણ જનેતાને નહીં..." - સંબંધોમાં નફા-નુકસાનનું ગણિત છોડીને સમર્પણની ભાષા સમજાવતો એક અદભુત લેખ**

અમદાવાદ, પાક્કો ગુજરાત ન્યૂઝ:

આપણે એક એવા આધુનિક અને વ્યાવસાયિક (પ્રોફેશનલ) યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં દરેક વસ્તુ, દરેક સેવા અને ક્યારેક તો સંબંધોને પણ નાણાંના ત્રાજવે તોલવામાં આવે છે. સવારથી સાંજ સુધી માણસ માત્ર એક જ ગણતરીમાં વ્યસ્ત હોય છે કે 'મેં શું આપ્યું અને મને સામે શું મળ્યું?' પરંતુ આપણી ભારતીય સંસ્કૃતિ અને જીવનનું દર્શન કંઈક અલગ જ કહે છે. સત્ય એ છે કે જીવનના બધા જ પ્રસંગો કે વ્યવહારો ક્યારેય ભાવતાલ કરવાના હોતા નથી. કેટલાક પ્રસંગો અને ક્ષણો તો માત્ર ને માત્ર ન્યોછાવર એટલે કે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દેવા માટેના હોય છે.

### પારિશ્રમિક અને પારિતોષિક વચ્ચેનો જાદુઈ ભેદ:

જ્યારે કોઈ વ્યક્તિ તમારા માટે માત્ર એક ફરજના ભાગરૂપે કે મજૂરી સમજીને કામ કરે, ત્યારે તેને તેનો 'પગાર' અથવા 'પારિશ્રમિક' અપાય છે. પરંતુ, જ્યારે કોઈ વ્યક્તિ તમારા માટે પોતાના દિલથી, ભાવથી તરબોળ થઈને અને પ્રેમપૂર્વક શ્રમ કરે, ત્યારે તેને ક્યારેય નાણાંના અહંકારથી 'પારિશ્રમિક' ન અપાય. તેને તો પ્રેમ અને આદરના પ્રતીક રૂપે 'પારિતોષિક' (ભેટ કે સન્માન) અપાય છે. જે માણસને શ્રમ અને પ્રેમ વચ્ચેનો આ બારીક ભેદ દેખાતો નથી, તેને ખરા અર્થમાં જીવનનો મર્મ જ દેખાતો નથી. શ્રમ એ શરીરની પ્રક્રિયા છે, જ્યારે પ્રેમ એ આત્માનો અવાજ છે.



### આયા અને જનેતા: વેતન અને વહાલનો તફાવત:

આ વાતને એક ખૂબ જ સુંદર અને હૃદયસ્પર્શી ઉદાહરણ દ્વારા સમજી શકાય છે. ઘરમાં નાના બાળકને સાચવવા માટે રાખવામાં આવેલી આયાને (બેબીસિટર) મહિનાના અંતે પગાર ચૂકવવામાં આવે છે, જે તદ્દન વ્યાજબી છે. પરંતુ, એ જ બાળકને રાત-દિવસ એક કરીને સાચવતી જનેતા એટલે કે મા-ને ક્યારેય પગાર આપી શકાતો નથી. કામ તો બંને સરખું જ કરે છે_બાળકની સંભાળ રાખવાનું. છતાં, માતાના અંગેઅંગમાંથી પોતાના સંતાન માટે જે વહાલ, નિઃસ્વાર્થ ભાવ અને અગાધ પ્રેમ સતત નીતરતો હોય છે, તેનું વેતન આ દુનિયાની કોઈ બેંક કે તિજોરી નક્કી કરી શકતી નથી. માના એ સમર્પણનો બદલો દુનિયાના કોઈ ચલણથી નહીં, પણ માત્ર ને માત્ર સામે એટલા જ આદર અને પ્રેમ આપીને જ ચૂકવી શકાય છે.

### ગણિત છોડો, લાગણીને જીવો:

આજકાલ સંબંધોમાં તિરાડ પડવાનું મુખ્ય કારણ એ જ છે કે આપણે ભાવનાત્મક સંબંધોમાં પણ લૉજિક અને ગણિત લગાવવાનું શરૂ કરી દીધું છે. 'મેં તેના માટે આટલું કર્યું તો તેણે મારા માટે કેમ કંઈ ન કર્યું?' - આ વિચાર જ સંબંધને વેપાર બનાવી દે છે. મિત્રતા હોય, પ્રેમ હોય, લગ્નજીવન હોય કે માતા-પિતા સાથેનો સંબંધ હોય, જ્યાં સુધી તમે હિસાબ રાખશો ત્યાં સુધી તમે ક્યારેય માનસિક શાંતિ કે સાચો આનંદ મેળવી શકશો નહીં.

### પાક્કો ગુજરાત ન્યૂઝની મનની મથામણ:

ચાલો, આ દોડધામ ભરેલી જિંદગીમાં થોડાક ક્ષણ માટે થોભીએ. આપણી આસપાસ રહેલા એવા પાત્રોને ઓળખીએ જેઓ આપણી માટે કોઈ અપેક્ષા વગર, માત્ર પ્રેમથી મહેનત કરે છે. તમારા માટે વહેલી સવારે વગર કહ્યે ગરમ ચા બનાવતી પત્ની હોય, ઓફિસથી થાકીને આવ્યા પછી પણ તમારી સાથે રમતો ભાઈ હોય કે તમારી ચિંતા કરતો મિત્ર હોય_આ બધી લાગણીઓ અણમોલ છે. આવા સંબંધોને પૈસા કે ભૌતિક વસ્તુઓથી તોલવાનું બંધ કરો. જે ન્યોછાવર કરવા જેવું છે, તેને દિલ ખોલીને પ્રેમથી વધાવી લો, કારણ કે જિંદગીનો અસલી વૈભવ હિસાબના ચોપડામાં નહીં, પણ પ્રેમથી છલકાતા હૃદયમાં છે.

# ભારતના બંને હાથમાં લાડુ: રશિયા પર યુરોપિયન યુનિયનના પ્રતિબંધો ટળ્યા, વેપાર માટે રસ્તો સાફ!

ભારતની એક નજર યુરોપિયન યુનિયન પર હતી, તો બીજી નજર રશિયા તરફ હતી. કારણ કે સોમવારે યુરોપિયન યુનિયનના વિદેશ મંત્રીઓની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં રશિયા પર પ્રતિબંધો લાદવા કે નહીં તે અંગે નિર્ણય લેવાનો હતો. આખરે પરિણામ એ જ આવ્યું જેની ભારત રાહ જોઈ રહ્યું હતું. યુરોપિયન યુનિયનના નેતાઓ આ પ્રતિબંધો પર પરસ્પર સહમતિ ન સાધી શક્યા. જો યુરોપિયન દેશોએ રશિયા પર પ્રતિબંધો લાદી દીધા હોત, તો એવી આશંકા સેવાઈ રહી હતી કે ભારત રશિયા સાથે ટ્રેડ ન કરી શકત. એવું માનવામાં આવી રહ્યું હતું કે, આ નવા પ્રતિબંધોમાં કેટલીક એવી કડક શરતો સામેલ થઈ શકતી હતી, જેના હેઠળ એવો નિયમ થોપી શકાય તેમ હતો કે જે દેશો જેમ કે ભારત રશિયા સાથે વેપાર કરશે, તેઓ યુરોપિયન યુનિયનના દેશો સાથે વેપાર નહીં કરી શકશે. ભારત હાલના સમયમાં રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને અન્ય ઉત્પાદનો ખરીદી રહ્યું છે. આ સાથે જ ભારત યુરોપિયન દેશોમાં પણ પોતાની ઘણી બધી વસ્તુઓની નિકાસ કરે છે. જો આ પ્રતિબંધો લાગુ થઈ ગયા હોત, તો ભારતની કેટલીક મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય વ્યાપારી ડીલ ફસાઈ જાય તેમ હતી. હવે જ્યારે યુરોપિયન યુનિયનમાં આ ડીલ પર સહમતિ સધાઈ શકી નથી અને તે ટળી ગઈ છે, ત્યારે ભારત માટે રસ્તો સાફ થઈ ગયો છે. ભારત હવે કોઈપણ પ્રકારના પ્રતિબંધ અથવા દબાણ વિના યુરોપને પોતાનો સામાન વેચવાનું ચાલુ રાખી શકે છે અને આ સાથે જ રશિયા સાથે પણ પોતાનો આર્થિક તેમજ તેલનો વેપાર કોઈપણ અવરોધ વિના કરી શકશે. સોમવારે યુરોપિયન યુનિયનના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ હતી, જેનો મુખ્ય હેતુ રશિયા પર નવા અને વધુ કડક પ્રતિબંધો લાદવાનો હતો. આ 21મા પેકેજ પર અગાઉ ચર્ચા નહોતી થઈ શકી, કારણ કે હંગેરીના પૂર્વ વડાપ્રધાન વિક્ટર ઓર્બને પોતાના વીટોનો ઉપયોગ કરીને તેને રોકી રાખ્યું હતું, જેના કારણે મંત્રીઓ જાણતા હતા કે, આ પ્રસ્તાવ આગળ નહીં વધી શકશે. જો કે, આ વખતે આ પ્રસ્તાવોને મુખ્યત્વે દક્ષિણ યુરોપિયન દેશો તરફથી પડકાર આપવામાં આવ્યો હતો, જેના કારણે આ અંગે અંતિમ સહમતિ ન સધાઈ. ઓઈલની કિંમતો પર રોક: રશિયાને તેલના વધતા ભાવનો લાભ લેતા અટકાવવું. રશિયન સૈનિકો પર પ્રતિબંધ: રશિયન સૈનિકોની યુરોપીય સંઘમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવવો. દરિયાઈ જીવો પપ પ્રતિબંધ: રશિયાથી આવતી માછલીઓના વેપાર પર રોક. ઓઈલ પ્રાઈસ કેપ સૌથી મોટો મુદ્દો આ પ્રતિબંધ પેકેજનો સૌથી મહત્ત્વનો ભાગ રશિયાના ક્રૂડ ઓઈલ પર પ્રાઈસ કેપ જાળવી રાખવાનો હતો. વર્તમાન સમયમાં રશિયન તેલની નિકાસ પર પ્રતિ બેરલ 44.10 ડૉલરની પ્રાઈસ કેપ નક્કી થયેલી છે. આ મર્યાદા 15 જુલાઈના રોજ સમાપ્ત થઈ રહી છે. જો આગામી બે દિવસમાં યુરોપિયન દેશો કોઈ કરાર પર નહીં પહોંચે.

# હોર્મુઝમાં દરેક જહાજ પાસેથી રૂ.275 કરોડનો ટોલ વસૂલાશે ! ભારતમાં કેટલું મોંઘું થઈ શકે છે ડીઝલ-પેટ્રોલ?

તેહરાન

હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) માંથી પસાર થતા ઓઈલ ટેન્કરો પર 20% ગાર્ડિયન ફી લગાવવાના અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવથી વૈશ્વિક ઓઈલ માર્કેટમાં ભારે હલચલ મચી ગઈ છે. જો આ પ્રસ્તાવ અમલમાં આવશે તો ભારતમાં કાચા તેલની આયાત કિંમત વધી શકે છે, જેની સીધી અસર પેટ્રોલ અને ડીઝલના



ભાવ પર પડશે. આનાથી ગુડ્સ ટ્રાન્સપોર્ટેશન અને રોજબરોજની ચીજવસ્તુઓના ભાવ પણ વધવાની આશંકા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ચોંકાવનારી જાહેરાત કરી છે. તેમનું કહેવું છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા દરેક સુપર ટેન્કર એટલે કે ઓઈલના જહાજને હવે અમેરિકી સુરક્ષાના નામે 20% ગાર્ડિયન ફી (ટોલ ટેક્સ) ચૂકવવી પડશે. શિપિંગ ઈન્ડસ્ટ્રીના કેપ્ટનો આને ખુલ્લેઆમ હાઈવેની લૂંટ ગણાવી રહ્યા છે. ટ્રમ્પની ગાર્ડિયન ફી લગભગ 30 મિલિયન ડોલર (258 કરોડ રૂપિયા) થાય છે. બીજી તરફ ઈરાન પણ આ જળમાર્ગ પરથી પસાર થતા કેટલાક જહાજો પાસેથી પોતાની મરજી મુજબ લગભગ 2 મિલિયન ડોલર (આશરે 17.2 કરોડ રૂપિયા) સુધીનો ટોલ વસૂલ કરી રહ્યું હતું. એટલે કે, એક ઓઈલ ટેન્કરને કુલ 32 મિલિયન ડોલર (275 કરોડ રૂપિયા) ટોલ તરીકે ચૂકવવા પડી શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચેની આ ખેંચતાણનો સૌથી મોટો અને સીધો ભોગ ભારતના સામાન્ય નાગરિકોએ બનવું પડી શકે છે. સુપર ટેન્કર એટલે શું? આ વિવાદની અસરને સમજતા પહેલા જાણીએ કે સુપર ટેન્કર (VLCC - Very Large Crude Carrier) શું છે.

આ જહાજો એટલા વિશાળ હોય છે કે, તેમાં એકસાથે આશરે 20 લાખ બેરલ કાચું તેલ ભરી શકાય છે.

1 બેરલમાં 159 લીટર હોય છે, એટલે કે એક સુપર ટેન્કરમાં આશરે 31.8 કરોડ લીટર તેલ સમાય છે.

વર્તમાન સમયમાં જ્યારે કાચા તેલની કિંમત આશરે 80 ડોલર પ્રતિ બેરલ છે, ત્યારે આખા જહાજમાં ભરેલા તેલની કુલ કિંમત આશરે 16 કરોડ ડોલર થાય છે. ભારતીય રૂપિયામાં આ રકમ 1,539.26 કરોડની આસપાસ છે.

ટ્રમ્પનો 20% ટેક્સ વિરુદ્ધ ઈરાનનો ટોલ

અત્યાર સુધી ઈરાન આ માર્ગેથી પસાર થતા જહાજો પાસેથી પોતાની મરજી મુજબ 2 મિલિયન ડોલર (આશરે 17.2 કરોડ રૂપિયા) ટોલ વસૂલતું હતું, જેનાથી પ્રતિ બેરલ માત્ર 1 ડોલરનો વધારાનો બોજ પડતો હતો. પરંતુ ટ્રમ્પે સમગ્ર કાર્ગો (માલ)ની કિંમતના 20% રિઈમ્બર્સમેન્ટની માગણી કરી છે. 16 કરોડ ડોલરના તેલ પર 20% ટેક્સ એટલે કે, સીધો 30 મિલિયન ડોલર (આશરે 258 કરોડ રૂપિયા)નો ટોલ ટેક્સ લાગશે. આનાથી પ્રતિ બેરલ સીધો 15 ડોલરનો ભારે બોજ વધી જશે.

ભારતીય પેટ્રોલ પંપો પર શું અસર થશે? ડોલરના વર્તમાન દર (1 ડોલર = 96.19 રૂપિયાના આધારે) મુજબ ભારત માટે આ ગણિત ચિંતાજનક છે. ભારત પોતાની તેલની જરૂરિયાતોનો 80% થી વધુ હિસ્સો આયાત કરે છે, અને તેનો મોટો ભાગ સાઉદી અરેબિયા, ઈરાક અને યુએઈથી આ જ હોર્મુઝના માર્ગે આવે છે. જો કાચા તેલની કિંમતમાં સીધો 9 રૂપિયા પ્રતિ લીટરનો ઉછાળો આવે, તો ડીઝલ મોંઘું થવાને કારણે ગુડ્સ ટ્રાન્સપોર્ટેશનનું ભાડું આસમાને પહોંચશે.

જેના લીધે શાકભાજી, દૂધ, અનાજ અને રોજિંદી તમામ ચીજો મોંઘી થઈ જશે, અને દેશમાં મોંઘવારી વધી શકે છે.

સૌથી સારી બાબત એ છે કે, ભારતે રશિયા, અમેરિકા અને આફ્રિકાના દેશોમાંથી તેલની આયાત વધારીને પોતાના વિકલ્પો મજબૂત રાખ્યા છે, અને ઈમરજન્સી માટે સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ પણ તૈયાર રાખ્યા છે. તેમ છતાં, ખાડી દેશો આજે પણ ભારતની એનર્જી સિક્યોરિટી માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

# સંબંધોમાં સંવાદનો અભાવ અને સ્ત્રીઓનું ચરમસુખ - શા માટે દરેક પતિએ આ બાબત સમજવી જરૂરી છે?

આધુનિક સમયમાં આપણે દરેક વિષય પર ખુલીને વાત કરતા થયા છીએ, પરંતુ જ્યારે વાત પતિ-પત્નીના શારીરિક સંબંધો અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રીના સંતોષ એટલે કે ઓર્ગેઝમ (Charamsukh) પર આવે છે, ત્યારે આજે પણ સમાજમાં એક મોટો ગેરસમજનો પડદો જોવા મળે છે.

મોટાભાગના કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે દામ્પત્ય જીવનમાં જાતીય સંબંધ બાંધતી વખતે પુરુષો પોતાના સંતોષને જ અંતિમ માની લે છે, પરંતુ તેમની પત્નીને તે સંબંધથી સંતોષ મળ્યો છે કે નહીં, તે જાણવાનો કે સમજવાનો પ્રયાસ પણ કરતા નથી. પવિત્ર ગણાતા આ સંબંધમાં બંને પક્ષે સંતોષ મળવો તે તંદુરસ્ત લગ્નજીવનની પ્રાથમિક શરત છે.

### સંવાદનો અભાવ: કેમ ચર્ચા ટાળવામાં આવે છે?

આપણા સમાજમાં સેક્સ અથવા જાતીય સંતોષ વિશે ખુલીને વાત કરવી એ હજુ પણ એક સંકોચનો વિષય ગણાય છે. પતિ અને પત્ની વર્ષો સુધી સાથે રહેતા હોવા છતાં બેડરૂમની આ વાતો પર ચર્ચા કરવાનું ટાળે છે.

પુરુષ પ્રધાન માનસિકતા: ઘણીવાર પુરુષો એવું માની લે છે કે સમાગમની પ્રક્રિયા પૂર્ણ થવી એટલે બંનેને સંતોષ મળી ગયો.

સ્ત્રીઓનો સંકોચ: ભારતીય સંસ્કૃતિ અને ઉછેરના કારણે સ્ત્રીઓ પોતાની શારીરિક જરૂરિયાતો કે અસંતોષ વિશે ખુલીને બોલી શકતી નથી. તેમને ડર હોય છે કે જો તેઓ આ વિષય પર વાત કરશે, તો તેમના ચારિત્ર્ય કે માનસિકતા પર સવાલ ઉઠશે.

અસંતોષની આડઅસરો: સ્વભાવમાં ચીડિયાપણું

શારીરિક સંબંધ એ માત્ર શારીરિક પ્રક્રિયા નથી, પરંતુ તે માનસિક અને હોર્મોનલ સંતુલન સાથે જોડાયેલી બાબત છે. જ્યારે કોઈ સ્ત્રી લાંબા સમય સુધી જાતીય સંબંધોમાં અસંતોષ અનુભવે છે, ત્યારે તેની સીધી અસર તેની માનસિક સ્થિતિ પર પડે છે.

માનસિક તણાવ: અધૂરો સંતોષ સ્ત્રીમાં હતાશા અને ફ્રસ્ટ્રેશન (Frustration) પેદા કરે છે.

ચીડિયો સ્વભાવ: જે પત્નીને તેના પતિ દ્વારા ચરમસુખની પ્રાપ્તિ નથી થતી, તેનો સ્વભાવ ધીમે-ધીમે ચીડિયો અને ગુસ્સાવાળો બનવા લાગે છે. તે નાની-નાની વાતોમાં ઝઘડા કરવા લાગે છે, જેનું અસલી કારણ બેડરૂમનો અસંતોષ હોય છે.

સંબંધોમાં અંતર: ભાવનાત્મક રીતે પત્ની પોતાના પતિથી દૂર થવા લાગે છે અને લગ્નજીવનનો રોમાંસ ગાયબ થઈ જાય છે.

### પુરુષો કેવી રીતે જાણી શકે કે પત્ની સંતુષ્ટ છે?

પુરુષો અને સ્ત્રીઓની શારીરિક રચના અને ચરમસુખ (Orgasm) મેળવવાની પ્રક્રિયા તદ્દન અલગ છે. પુરુષો ખૂબ ઝડપથી સંતોષ મેળવી લે છે, જ્યારે સ્ત્રીઓને ચરમસુખ સુધી પહોંચવામાં વધુ સમય, પ્રેમ અને સંવેદનશીલતાની જરૂર હોય છે. પત્ની સંતુષ્ટ થઈ છે કે નહીં તે જાણવા માટે પુરુષોએ આ બાબતો પર ધ્યાન આપવું જોઈએ:

ફોરપ્લે (Foreplay) નું મહત્વ: સ્ત્રીને સંતુષ્ટ કરવા માટે સીધા સમાગમ કરવાને બદલે પૂરતો સમય ફોરપ્લેને આપવો અનિવાર્ય છે.

શારીરિક સંકેતો: જ્યારે સ્ત્રી ચરમસુખ પર પહોંચે છે, ત્યારે તેના શ્વાસની ગતિ તેજ થાય છે, શરીરના સ્નાયુઓમાં એક ખાસ પ્રકારનું ખેંચાણ અને રિલેક્સેશન જોવા મળે છે અને તેના ચહેરા પર એક અનોખી શાંતિ અને સંતોષની લાગણી દેખાય છે.

સૌથી સરળ રસ્તો - પ્રેમપૂર્વક પૂછવું: સંબંધ પૂરો થયા પછી પત્નીને પ્રેમથી ગળે લગાવીને (Cuddling) પૂછી શકાય છે કે તે કેવું અનુભવી રહી છે. આનાથી પત્નીનો સંકોચ દૂર થાય છે.

### સુખી લગ્નજીવનની ચાવી: ખુલ્લો સંવાદ

દરેક પુરુષે એ સમજવું પડશે કે પત્ની એ માત્ર પુરુષની ઈચ્છાઓ સંતોષવાનું સાધન નથી, પરંતુ તે આ સંબંધમાં બરાબરની ભાગીદાર છે.

નિષ્ણાતોનું માનવું છે કે: 'એક આદર્શ સંબંધ એ જ છે જ્યાં પતિ અને પત્ની બંને એકબીજાની શારીરિક અને માનસિક ઈચ્છાઓને માન આપે. જો તમારા સંબંધોમાં ક્યાંક ઉણપ વર્તાતી હોય, તો એકબીજા સામે ગુસ્સે થવાને બદલે શાંતિથી બેસીને વાત કરો. સંવાદ એ દરેક સમસ્યાનો ઉકેલ છે.'

જો પત્ની શારીરિક અને માનસિક રીતે સંતુષ્ટ અને ખુશ હશે, તો આખું ઘર ખુશહાલ રહેશે. તેથી જ, સંકોચ છોડો, પત્નીની ખુશી અને સંતોષનું ધ્યાન રાખો અને તમારા દામ્પત્ય જીવનને વધુ મજબૂત બનાવો.

# ભારતીય વંશના 'નાસા' એસ્ટ્રોનોટ અનિલ મેનન આજે આઠ માસ માટે અંતરિક્ષમાં જશે

વોશિંગ્ટન

ભારતીય વંશના 'નાસા'ના એસ્ટ્રોનોટ અનિલ મેનન તેઓ પહેલું સ્પેસ મિશન મંગળવારે શરૂ કરશે અને આઠ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેશે. અનિલ મેનન રશિયાના રોસકોસ્પોસ સોયુઝ એમ.એસ. ૨૯ સ્પેસક્રાફ્ટ દ્વારા કઝાખસ્તાન સ્થિત બૈકનૂર-કોસ્મોડ્રોમ દ્વારા અંતરિક્ષમાં જશે. તેઓની સાથે રશિયાના બે અંતરિક્ષ યાત્રીઓ પીયોટર ડુબ્રોવ અને આન્ના કીકીના પણ તે યાનમાં હશે.

ભારતીય મૂળના અનિલ મેનન ઈમર્જન્સી મેડીસીન ફીઝીશ્યન છે. તેઓએ અમેરિકાના સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકેની પણ ફરજ બજાવી છે. તેઓ તબીબી વિજ્ઞાની હોવાથી તેઓની પસંદગી કરવામાં આવી છે. ૪૯ વર્ષના મેનન અંતરિક્ષમાં પણ આરોગ્ય વિષયક ઉપસ્થિત થતા પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે. આ સ્પેસ ક્રાફ્ટ તેઓને માટે ઓર્બેટિંગ લેબોરેટરી બની રહેશે. તેમાં તેઓ વધુ સંશોધનો પણ કરશે, જેનો હેતુ ઊંડા અવકાશમાં ભવિષ્યમાં ઊભી થનારી આરોગ્ય વિષયક મુશ્કેલીઓ દૂર કરવાનો રહેશે.

અમેરિકાનાં મીનીયામોબિસમાં ભારતીય પિતા અને યુક્રેની માતાનાં સંતાન તેવા મેનનની કારકિર્દી પણ ભાતીગળ છે. તેઓએ મેડીસીન મીલીટરી અને સ્પેસ ઓપરેશન જેવા ક્ષેત્રોમાં કાર્યવાહી કરી છે. નાસામાં જોડાયા પૂર્વે તેઓ અમેરિકન એરફોર્સમાં હતા. અને



અફઘાનિસ્તાનમાં અમેરિકાએ હાથ ધરેલા 'ઓપરેશન ફ્રીડમ'માં ફ્રન્ટ-લાઈનમાં સેવા આપી હતી. તેઓ હીમાલયન રેસ્ક્યુ એસોસીએશનમાં કામગીરી બજાવી છે, અને જે પર્વતારોહકો - માઉન્ટ એવરેસ્ટ ચઢવા જતાં હતા તેમની મેડીકલ કેર પણ રાખી હતી. મેનને ભારત સાથે પણ સંબંધો જાળવી રાખ્યા છે. તેઓએ 'રોટરી એમ્બેસેડરમાં સ્કોલર' તરીકે 'પોલિયો વેક્સિન' ઝુંબેશમાં એક વર્ષ સુધી સેવા આપી હતી. ૨૦૨૧નું વર્ષ તેમણે ભારતમાં ગાળ્યું હતું. તેઓનાં પત્ની આન્ના વિલ્હેમ સપ્ટે. ૨૪માં સ્પેસ એક્સના પોલારિસ ડોન મિશન દ્વારા પાંચ દિવસ અંતરિક્ષમાં રહ્યાં હતા. વોશિંગ્ટન: ભારતીય વંશના 'નાસા'ના એસ્ટ્રોનોટ અનિલ મેનન તેઓ પહેલું સ્પેસ મિશન મંગળવારે શરૂ કરશે અને આઠ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેશે. અનિલ મેનન રશિયાના રોસકોસ્પોસ સોયુઝ એમ.એસ. ૨૯ સ્પેસક્રાફ્ટ દ્વારા કઝાખસ્તાન સ્થિત બૈકનૂર-કોસ્મોડ્રોમ દ્વારા અંતરિક્ષમાં જશે. તેઓની સાથે રશિયાના બે અંતરિક્ષ યાત્રીઓ પીયોટર ડુબ્રોવ અને આન્ના કીકીના પણ તે યાનમાં હશે. ભારતીય મૂળના અનિલ મેનન ઈમર્જન્સી મેડીસીન ફીઝીશ્યન છે. તેઓએ અમેરિકાના સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકેની પણ ફરજ બજાવી છે. તેઓ તબીબી વિજ્ઞાની હોવાથી તેઓની પસંદગી કરવામાં આવી છે. ૪૯ વર્ષના મેનન અંતરિક્ષમાં પણ આરોગ્ય વિષયક ઉપસ્થિત થતા પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે. આ સ્પેસ ક્રાફ્ટ તેઓને માટે ઓર્બેટિંગ લેબોરેટરી બની રહેશે. તેમાં તેઓ વધુ સંશોધનો પણ કરશે, જેનો હેતુ ઊંડા અવકાશમાં ભવિષ્યમાં ઊભી થનારી આરોગ્ય વિષયક મુશ્કેલીઓ દૂર કરવાનો રહેશે. અમેરિકાનાં મીનીયામોબિસમાં ભારતીય પિતા અને યુક્રેની માતાનાં સંતાન તેવા મેનનની કારકિર્દી પણ ભાતીગળ છે. તેઓએ મેડીસીન મીલીટરી અને સ્પેસ ઓપરેશન જેવા ક્ષેત્રોમાં કાર્યવાહી કરી છે. નાસામાં જોડાયા પૂર્વે તેઓ અમેરિકન એરફોર્સમાં હતા. અને અફઘાનિસ્તાનમાં અમેરિકાએ હાથ ધરેલા 'ઓપરેશન ફ્રીડમ'માં ફ્રન્ટ-લાઈનમાં સેવા આપી હતી. તેઓ હીમાલયન રેસ્ક્યુ એસોસીએશનમાં કામગીરી બજાવી છે, અને જે પર્વતારોહકો - માઉન્ટ એવરેસ્ટ ચઢવા જતાં હતા તેમની મેડીકલ કેર પણ રાખી હતી.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા - તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ - વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર - સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન - સુંદર અને પ્રોફેશનલ લુક
તમારી માહિતી, લોકો સુધી પહોંચાડવાની અમારી જવાબદારી...

પાક્કો ગુજરાત

બુધવાર | 15 જુલાઈ 2026 | અમદાવાદ

## 800થી વધુ કોમર્શિયલ એકમોને ન્યૂસન્સ નોટિસ

# જામનગરમાં જાહેરમાં ન્યૂસન્સ ફેલાવતા વેપારીઓ સામે મનપાની કડક કાર્યવાહી



**જામનગર**

જામનગર મહાનગરપાલિકાએ શહેરમાં જાહેર આરોગ્ય અને લોકોની સુખાકારી જળવાઈ રહે તે માટે જાહેરમાં ન્યૂસન્સ ફેલાવતા વેપારીઓ અને કોમર્શિયલ એકમો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. મહાનગરપાલિકા કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના હોટલ, રેસ્ટોરન્ટ, લારી-રેંકડી તેમજ અન્ય તમામ કોમર્શિયલ એકમોને ન્યૂસન્સ નોટિસ આપવામાં આવી રહી છે. નોટિસમાં વેપારીઓને પોતાના એકમ પર ફરજિયાત ડસ્ટબિન રાખવા, ગ્રાહકો દ્વારા કચરો ડસ્ટબિનમાં જ નાખવામાં આવે તેની ખાતરી કરવા, ગંદા પાણી કે વેસ્ટ વોટરનો જાહેરમાં નિકાલ ન કરવા, એકમની અંદરનો કચરો માત્ર ડસ્ટબિનમાં જ રાખી મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સેવાને જ સોંપવા તેમજ જાહેર સ્થળો, ખુલ્લા પ્લોટ કે અન્ય જગ્યાએ કચરો ન ફેંકવા સૂચના આપવામાં આવી છે. ઉપરાંત ધંધાકીય એકમની આસપાસ સ્વચ્છતા જાળવવાની પણ ફરજ સોંપવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના ૮૦૦થી વધુ કોમર્શિયલ એકમોને આવી નોટિસ આપવામાં આવી છે અને આ કામગીરી હજુ પણ ચાલુ છે. મનપાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે નોટિસમાં દર્શાવેલી સૂચનાઓનો ભંગ કરનાર વેપારીઓ સામે પ્રથમ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ત્યારબાદ પણ સુધારો નહીં થાય તો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (જીપીએમસી) એક્ટ, 1949ની કલમ 379(ક) હેઠળ ધંધાકીય એકમ બંધ કરાવવા, ક્લોઝડાઉન અથવા સીલિંગ સહિતની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ ગત એક સપ્તાહ દરમિયાન જાહેરમાં ન્યૂસન્સ ફેલાવવાના વિવિધ બનાવોમાં કુલ 234 આસામીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી, અને તેમની પાસેથી કુલ રૂ.90,000નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

## જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં

# ઈડરમાં 28મી રથયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**ઈડર, જાકીર મેમણ**

જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં આયોજિત બેઠકમાં સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત ઈડર શહેરમાં આગામી અષાઢી બીજના દિવસે યોજાનારી ભગવાન જગન્નાથજીની ૨૮મી રથયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં ઈડરની સર પ્રતાપ હાઈસ્કૂલ ખાતે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રથયાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવાના હેતુથી આ બેઠક યોજાઈ હતી. નગર ઉત્સવ સમિતિ દ્વારા રથયાત્રાની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ ઉપરાંત ઈડર ડીવાયએસપી ડૉ. સ્મિત



ગોહિલ, ઈડર પોલીસ ઈન્સ્પેક્ટર આર. એ. ચૌધરીઅનેઈડરનગરપાલિકાના ચીફ ઓફિસર જૈમિન ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉત્સવ ઉજવાય તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે ઈડર પાંજળાપોળ પ્રમુખ પી.સી. પટેલ, ઈડર કોલેજ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ભંવરલાલ સોની, જગદીશભાઈ મિસ્ત્રી, દુષ્યંત બાવજી, પૂર્વ પ્રમુખ કેશુભાઈ રબારી, વિપુલ લોન વાલા, મોટા રામદ્વારા મંદિરના મહંત રામકૃપાલ મહારાજ, ઈડર નગર ઉત્સવ સમિતિના પ્રદીપભાઈ ખરાદી તેમજ શનિદેવ મંદિરના મહાકાલગીરી મહારાજ સહિત સર્વ સમાજના આગેવાનો અને લઘુમતી સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. રથયાત્રા પૂર્વે યોજાયેલી આ શાંતિ સમિતિની બેઠકમાં મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિ જોવા મળી હતી, જેનાથી શહેરમાં રથયાત્રાને લઈને ઉત્સાહ અને ધાર્મિક માહોલ વધુ ગાઢ બન્યો છે.

# ડભોઈ તાલુકા સેવા સદન સભા હોલ ખાતે આગામી ભગવાન જગન્નાથજીની રથયાત્રા પ્રસંગ લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**ડભોઇ**

ડભોઇ શહેરમાં આગામી 16 તારીખે કે બદ્રીનારાયણ મંદિરેથી ભગવાન જગન્નાથજીની શોભાયાત્રા પ્રસંગે સમગ્ર શહેર પંથકમાં શાંતિપૂર્ણ, કોમી એકતા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવણી થાય તેવા શુભ હેતુથી ડભોઈ તાલુકા સેવા સદન ખાતે શાંતિ સમિતિની બેઠકનું ધારાસભ્ય અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.આ બેઠક ડભોઈ ડીવાયએસપી આકાશ પટેલ ડભોઈ પોલીસ ઈન્સ્પેક્ટર (PI) એ. ટી. પટેલ ડભોઈ નગરપાલિકાના ચીફ ઓફિસર જય કિશન તડવી અને મહેશભાઈ પરમાર ડભોઈ નગરપાલિકાના પ્રમુખ પુષ્પાબેન રાવળ અને બિરન શાહ ગોપાલભાઈ જીનાવાલા અફઝલ ભાઈ કાબાવાલા સલીમભાઈ ઘાંચી ઈબ્રાહીમભાઈ ખત્રી સોનલબેન સોલંકી અને શહેર કોંગ્રેસ ભાજપના પ્રમુખ હિંદુ મુસ્લિમ આગેવાનો તેમજ બદ્રીનારાયણ મંદિરના ટ્રસ્ટી મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ડીવાયએસપી શ્રી આકાશ પટેલે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ તહેવાર દરમિયાન પરસ્પર ભાઈચારો જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા.આ પ્રસંગે હિન્દુ અને મુસ્લિમ બંને સમાજના આગેવાનો, સ્થાનીક વેપારીઓ અને શાંતિ સમિતિના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત તમામ અગ્રણીઓએ વહીવટી તંત્રને પુરેપુરો સહકાર આપવાની ખાતરી આપી હતી. ડભોઈ હંમેશાં થી કોમી એકતાનું પ્રતીક રહ્યું છેઅને આગામી રથયાત્રા પરંપરાગત રીતે શાંતિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવશે.

## સગીરોના વાલીઓને કડક ચેતવણી

# જેતપુર સીટીમાં પોલીસની ટ્રાફિક ઝુંબેશ: નિયમોનું ઉલ્લંઘન કરતા 25 વાહનો ડિટેઈન

**જેતપુર, સુરેશ ભાલીયા**

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં માર્ગ અકસ્માતો અટકાવવા અને ટ્રાફિક નિયમોના ચુસ્ત પાલન માટે એક ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયાના સુપરવિઝન હેઠળ જેતપુર



સીટીના પોલીસ ઈન્સ્પેક્ટર એ. ડી.પરમાર દ્વારા આ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન શહેરમાં વિના લાયસન્સે તેમજ જોખમી રીતે વાહન ચલાવતા સગીર વયના બાળકોને અટકાવવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ટ્રાફિક નિયમો વિરુદ્ધ ચાલતા કુલ 25 વાહનોને એમ.વી. એક્ટની કલમ 207 મુજબ ડિટેઈન કરવામાં આવ્યા છે.

આ સાથે જ પોલીસે સગીર બાળકોના વાલીઓને કડક ચેતવણી આપી છે કે જો સગીર બાળક વાહન ચલાવશે તો તેના વાલી સામે પણ દંડ અને કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. વાલીઓને સગીરોના હાથમાં વાહન આપવાના જોખમો અંગે વિગતવાર સમજણ આપી ટ્રાફિક અવેરનેસ વધારવાનો પ્રયાસ કરાયો હતો.

આ સમગ્ર કામગીરીમાં જેતપુર સીટી પોલીસ ઈન્સ્પેક્ટર એ. ડી.પરમાર, એ.એસ.આઈ. રાજભાઈ વકાતર, પોલીસ હેડ કોન્સ. રામાભાઈ રાડા, ધવલભાઈ ગાજીપરા તથા જેતપુર સીટી પોલીસ સ્ટેશનની ટી.આર.બી. ટીમના જવાનો જોડાયા હતા અને સક્રિય ભૂમિકા ભજવી હતી.

## ડભોઈ તાલુકાના તંત્રની ઘોર બેદરકારી

# ડભોઈ સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય માર્ગ પર કચરાના સામ્રાજ્યથી અકસ્માતનો ભય

**ડભોઇ**

વેગા ચોકડી પાસે વરસાદી કાસ સાફ કર્યા બાદ 4 દિવસથી કચરો રોડ પર જ છોડી દેવાયો દેશ-વિદેશના પ્રવાસીઓ અને વાહનચાલકો પરેશાન ડભોઈથી વિશ્વ પ્રસિદ્ધ પ્રવાસી સ્થળ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા મુખ્ય હાઈવે પર તંત્રની મોટી બેદરકારી સામે આવી છે ડભોઈ વેગા ચોકડી નજીકથી પસાર થતી વરસાદી કાસ (ગટર)ની સાફ-સફાઈ તો કરવામાં આવી, પરંતુ તેમાંથી નીકળેલો તમામ કચરો મુખ્ય માર્ગ પર જ બહાર ફેંકી દેવામાં આવ્યો છે. આ ઘટનાને ચાર-ચાર દિવસ વીતી ગયા હોવા છતાં સ્ટેટ હાઈવેના અધિકારીઓ દ્વારા આ કચરો હટાવવાની તસદી લેવામાં આવી નથી મુખ્ય સમસ્યાઓ અને પ્રવાસીઓની ફજેતી દેશ-વિદેશના પ્રવાસીઓ સમક્ષ ખરાબ છાપ: આ માર્ગ માત્ર સ્થાનિક લોકો માટે જ નહીં, પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી જતાં દેશ-



વિદેશના હજારો પ્રવાસીઓ માટેનો મુખ્ય હાઈવે છે. રસ્તા પર પડેલા કચરાના ઢગલા ગુજરાતના પ્રવાસન અને સ્વચ્છતાના દાવાઓ પર સવાલ ઊભા કરે છે. અકસ્માતનો ભારે ભય: રોડની સાઈડમાં પડેલા કચરાના કારણે માર્ગ સાંકડો બન્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે અહીંથી પસાર થતા વાહ નચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મોટી દુર્ઘટના સર્જાવાનો ભય સતત સતાવી રહ્યો છે.

# દાહોદ જિ. પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ ઝાલોદ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યું

## ડીવાયએસપી ડી.આર. પટેલે પુષ્પગુચ્છ અર્પણ કરી કર્યું સ્વાગત, પી.આઈ. રવિ ગામીતના નેતૃત્વમાં પોલીસ પરેડ સાથે અપાઈ સલામી

**ઝાલોદ, પંકજ પંડિત**

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાએ મંગળવારે ઝાલોદ પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ વાર્ષિક ઈન્સ્પેક્શન હાથ ધર્યું હતું. જિલ્લા પોલીસ વડાના આગમન સમયે ઝાલોદ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) ડી.આર. પટેલ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઝાલોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (પી.આઈ.) રવિ ગામીતના નેતૃત્વમાં પોલીસ જવાનો દ્વારા પરેડ યોજી જિલ્લા પોલીસ અધિક્ષકને ગાર્ડ ઓફ ઓનર (સલામી) આપવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષકે પરેડનું નિરીક્ષણ કરી પોલીસ જવાનોની શિસ્ત, કામગીરી અને સજ્જતાની સમીક્ષા કરી હતી.

ઈન્સ્પેક્શન દરમિયાન પોલીસ સ્ટેશનના વિવિધ રજીસ્ટરો, ગુનાની તપાસની કામગીરી, માલખાનું,





હથિયારોની જાળવણી, લોકઅપ, રેકોર્ડ, સી.સી.ટી. એન.એસ. સહિત પોલીસ સ્ટેશનના વહીવટી અને કાયદો-વ્યવસ્થા સંબંધિત વિવિધ મુદ્દાઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. સાથે જ પોલીસ સ્ટેશનની સ્વચ્છતા, દસ્તાવેજોની જાળવણી તેમજ પ્રજાલક્ષી પોલીસિંગને વધુ અસરકારક બનાવવા જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

જિલ્લા પોલીસ અધિક્ષકે અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી ગુનાઓના ઝડપી ભેદ ઉકેલવા, કાયદો અને વ્યવસ્થા જાળવવા, જનતા સાથે મિત્રતાપૂર્વકનો વ્યવહાર રાખવા તેમજ પ્રજાનો વિશ્વાસ વધુ મજબૂત બને તે દિશામાં કામગીરી કરવા સૂચનો આપ્યા હતા.

# સુરત મનપામાં મોટો વિસ્ફોટ: "ડિમોલિશન કમિશનરે જ કરાવ્યું છે!" સસ્પેન્ડેડ એન્જિનિયરે HCમાં કમિશનરનો ખેલ ખુલ્લો પાડ્યો

**સુરત**

સુરતના બહુચર્ચિત નાસીરનગર ડિમોલિશન કાંડમાં રોજ નવા ફણગા ફૂટી રહ્યા છે, પરંતુ આ વખતે જે ધડાકો થયો છે તેણે આખા સુરત મહાનગરપાલિકા (SMC) સહિત ગાંધીનગર સુધીના વહીવટી તંત્રમાં ભૂકંપ લાવી દીધો છે. મનપા દ્વારા બકરો બનાવીને સસ્પેન્ડ કરી દેવાયેલા એક્ઝિક્યૂટિવ એન્જિનિયરે ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરીને સીધો કમિશનર સામે જ મોરચો ખોલી દીધો છે. એન્જિનિયરે કોર્ટ સમક્ષ ખુલાસો કર્યો છે કે, 'નાસીરનગરનું ડિમોલિશન મેં સ્વેચ્છાએ નથી કર્યું, પરંતુ મ્યુનિસિપલ કમિશનરે જ મને આદેશ આપ્યો હતો અને તેનો મેસેજ પણ મને ફોરવર્ડ કર્યો હતો!'

હાઈકોર્ટમાં રજૂ કરાયેલી વિગતો અનુસાર, સસ્પેન્ડેડ અધિકારીએ પોતાની



જાતને બચાવવા અને સત્ય બહાર લાવવા માટે કમિશનર તરફથી મળેલા વ્હોટ્સએપ મેસેજના પુરાવા રજૂ કર્યા છે. કમિશનરે એક વગદાર વ્યક્તિ તરફથી મળેલો મેસેજ આ એન્જિનિયરને ફોરવર્ડ કર્યો હતો, જેમાં નાસીરનગર ખાતે ડિમોલિશન કરવાની સ્પષ્ટ સૂચનાઓ હતી. આ પુરાવો સામે આવતા જ સાબિત થઈ ગયું છે કે પ્યાદાઓને સસ્પેન્ડ કરીને પોતાની ચામડી બચાવવાનો પ્રયાસ કરનાર ઉચ્ચ અધિકારીઓ જ આ આખી રમત પાછળના અસલી સૂત્રધાર હતા.

નાસીરનગર વિસ્તારમાં થયેલા આ કહેવાતા કાયદેસર/ગેરકાયદેસર ડિમોલિશન બાદ હંગામો મચ્યો હતો. જે-તે સમયે વિપક્ષ અને સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે કોઈ યોગ્ય નોટિસ કે કાયદાકીય પ્રક્રિયા વિના જ રાતોરાત બુલડોઝર ફેરવી દેવાયું હતું. જ્યારે મામલો વકર્યો અને કાયદાકીય ગૂંચ ઊભી થઈ, ત્યારે ઉપર બેઠેલા 'સાહેબો'એ વચગાળાના રસ્તા તરીકે નીચલા સ્તરના એક્ઝિક્યૂટિવ એન્જિનિયરને સસ્પેન્ડ કરીને આખા પ્રકરણ પર પડદો પાડવાનો કારસો રચ્યો હતો. પરંતુ, સસ્પેન્ડેડ અધિકારીએ આ અન્યાય સામે ઝૂકવાને બદલે હાઈકોર્ટના શરણે જઈને સત્તાધીશોની પોલ ખોલી નાખી છે.

હાઈકોર્ટમાં આ ચોંકાવનારો ઘટસ્ફોટ થયા બાદ હવે કાયદાકીય વર્તુળો અને સુરત મનપાના લોબીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

અત્યાર સુધી બચાવ મુદ્રામાં રહેલું તંત્ર હવે સંપૂર્ણપણે ભીંસમાં મુકાયું છે. જો આ સોગંદનામાના પુરાવા કોર્ટ ગ્રાહ્ય રાખશે, તો કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ હાઈકોર્ટના આકરા સવાલોના જવાબ આપવા પડશે. એટલું જ નહીં, સત્તાનો દુરુપયોગ કરીને ખોટી રીતે ડિમોલિશન કરાવવાના આક્ષેપ હેઠળ કમિશનર સામે પણ આકરી લાલ આંખ થઈ શકે છે.

## કૌભાંડ કે શિક્ષણનું નવું ચિત્ર

# 10 વર્ષમાં 94,000 સરકારી શાળાઓ બંધ થવા પાછળનું અસલી સત્ય!

■ એક તરફ દાવો થઈ રહ્યો છે કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યકાળમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' (RTE) હેઠળ દેશમાં સરકારી શાળાઓનો પાયો મજબૂત કરાયો, તો બીજી તરફ આક્ષેપ છે કે છેલ્લા 10 વર્ષમાં દેશભરમાં હજારો સરકારી શાળાઓને તાળાં મારી દેવાયાં

**ગાંધીનગર**

૨૦૧૪ પહેલાંનું ભારત અને ૨૦૧૪ પછીનું ભારત. આ બંને સમયગાળાની શિક્ષણ વ્યવસ્થાને લઈને સોશિયલ મીડિયા પર અત્યારે એક ભીષણ યુદ્ધ છેડાયું છે. એક તરફ દાવો થઈ રહ્યો છે કે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના કાર્યકાળમાં 'રાઈટ ટુ એજ્યુકેશન' (RTE) હેઠળ દેશમાં સરકારી શાળાઓનો પાયો મજબૂત કરાયો, તો બીજી તરફ આક્ષેપ છે કે છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાં હજારો સરકારી શાળાઓને તાળાં મારી દેવાયાં છે. આખરે આ આંકડાઓની માયાજાળ પાછળનું અસલી સત્ય શું છે? કૌભાંડ કોણે કર્યું અને વાસ્તવિકતા શું છે? આવો જાણીએ તથ્યો સાથે.

શિક્ષણ જગતમાં અત્યારે કઈ બાબતને લઈને આક્રોશ અને ચર્ચા ચાલી રહી છે, તેના પર એક નજર કરીએ.

૨૦૧૪ પહેલાંની સ્થિતિ અને ૧૧ લાખ શાળાઓનું ગણિત

સોશિયલ મીડિયા પર એવો દાવો વાયરલ થઈ રહ્યો છે કે મનમોહન સિંહ સરકારે ૧૧ લાખ નવી સરકારી શાળાઓ બનાવી હતી. પરંતુ સરકારી આંકડા અને ઈતિહાસ કંઈક અલગ ચિત્ર રજૂ કરે છે:

૧૧ લાખ શાળાઓ એકસાથે નથી બની: ભારતમાં આઝાદી પછીથી લઈને ૨૦૧૪ સુધીમાં ક્રમશઃ સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ સુધી પહોંચી હતી. યુપીએ (UPA) સરકારના સમયમાં ૨૦૦૯માં ઐતિહાસિક 'રાઈટ ટુ એજ્યુકેશન' (RTE) એક્ટ લાવીને શિક્ષણને મજબૂત કરવાનો મોટો પ્રયાસ ચોક્કસ થયો હતો, પરંતુ આ તમામ શાળાઓ કોઈ એક સરકારના કાર્યકાળમાં રાતોરાત બની નથી.

ગરીબ બાળકો માટેની વ્યવસ્થા: આર.ટી.ઈ. એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં ગરીબ અને વંચિત વર્ગના બાળકો માટે ૨૫ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરાઈ હતી, જેથી નબળા વર્ગના બાળકો પણ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે.

નીતિ આયોગના તાજેતરના અહેવાલ અને સંસદમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, છેલ્લા એક દાયકામાં દેશમાં સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખ (૨૦૧૪-૧૫) થી ઘટીને અંદાજે ૧૦.૧૩ લાખ (૨૦૨૪-૨૫) થઈ ગઈ છે. એટલે કે લગભગ ૯૪,૦૦૦ જેટલી સરકારી શાળાઓ બંધ કે ઓછી થઈ છે. પરંતુ આ કોઈ 'ગુપ્ત કૌભાંડ' નથી, તેની પાછળ સરકારની એક ચોક્કસ પોલિસી અને બદલાતી સામાજિક સ્થિતિ જવાબદાર છે:

સ્કૂલ મર્જર (શાળાઓનું એકીકરણ): સરકાર દ્વારા ઓછી સંખ્યા ધરાવતી અને નજીક-નજીક આવેલી સરકારી શાળાઓને એકબીજામાં ભેળવી (Merge) દેવાની નીતિ અપનાવાઈ છે. ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં જ આવી લગભગ ૪૦,૦૦૦ શાળાઓનું એકીકરણ કરાયું છે. સરકારનો તર્ક છે કે તેનાથી સંસાધનો અને શિક્ષકોની તંગી દૂર થાય છે.

ઘટતો જન્મદર અને ઓછું રજીસ્ટ્રેશન: દેશમાં ફર્ટિલિટી રેટ (જન્મદર) ઘટવાના કારણે શાળાએ જવા લાયક બાળકોની વસ્તીમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં શાળામાં કુલ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨.૨૬ કરોડનો ઘટાડો થયો છે.

ખાનગી શાળાઓનો રાફડો: આ જ ગાળામાં સરકારી શાળાઓ ઘટી છે પરંતુ ખાનગી (પ્રાઈવેટ) શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખ થઈ ગઈ છે, જે દર્શાવે છે કે વાલીઓનો ઝુકાવ ખાનગી શિક્ષણ તરફ વધ્યો છે.

# પાનોલી પોલીસે અઢી વર્ષથી ફરાર બુટલેગર પકડ્યો : એ ડિવિઝન પોલીસે પણ અન્ય બુટલેગરને ઝડપી પાડ્યો

## બાતમીના આધારે પોલીસે રેડ કરતા સ્થળ પરથી 1 લાખ 93 હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચમાં પોલીસે બે અલગ-અલગ કાર્યવાહીમાં બે બુટલેગરને ઝડપી પાડ્યા છે. પાનોલી પોલીસે અઢી વર્ષથી ફરાર આરોપીને પકડ્યો છે, જ્યારે એ ડિવિઝન પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે સંકળાયેલા એક બુટલેગરની ધરપકડ કરી છે.

પાનોલી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2024 દરમિયાન નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા અઢી વર્ષથી ફરાર આરોપી અર્જુન ઉર્ફે સોનુ ગણેશ કદુ (ઉંમર 34, રહે. આંબેગાંવ, કેડગાંવ ગ્રામ પંચાયત, તા. દૌંડ, જી. પુણે, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ દ્વારા મહારાષ્ટ્રમાં તેના વતન સહિત અનેક સ્થળોએ શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ તે હાથ લાગ્યો નહોતો.

તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે આરોપી કોઈ અન્ય કેસના કામસર ગુજરાત આવ્યો છે. આ માહિતીના આધારે, પાનોલી પોલીસે હ્યુમન સોર્સ અને



ટેક્નિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને અર્જુન ઉર્ફે સોનુ ગણેશ કદુને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી ઘટનામાં, ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે કાગદીવાડમાં રહેતા સુજાતખાન બસીરખાન પઠાણ અને તેના સાથીદાર શાહરુખ પઠાણે પીરામણ ગામની સીમમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે રેડ કરતા સ્થળ પરથી રૂ. 1 લાખ 93 હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

પોલીસે કુખ્યાત બુટલેગર સુજાતખાન પઠાણ અને શાહરુખ પઠાણને વોન્ટેડ જાહેર કરી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધી હતી. બાદમાં પોલીસે બાતમીના આધારે શાહરુખ પઠાણની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે સુજાતખાન હજુ ફરાર છે.



### ફોટોગ્રાફરે કેમેરા સામે ડ્રેસ ટ્રાય કરવાનું કહેતા ભડકી અભિનેત્રી

# ઝરીન ખાન પાપારાઝી પર ભડકી, કહ્યું- ફાલતુગીરી ન કરો:'હદમાં રહીને વાત કરો, સહન નહીં કરું'

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ ઝરીન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેમાં તે પાપારાઝી પર ખરાબ રીતે ગુસ્સે થતી જોવા મળી રહી છે. એક બ્રાન્ડ ઈવેન્ટ દરમિયાન ઝરીને પાપારાઝીને ઠપકો આપતા કહ્યું કે મારી સાથે ફાલતુ વાતો ન કરવી. તેણે કડક શબ્દોમાં સામેવાળાને પોતાની હદમાં રહેવાની સલાહ આપી. ઝરીન ખાન મુંબઈમાં એક ક્લોથિંગ બ્રાન્ડના પ્રમોશન ઈવેન્ટમાં પહોંચી હતી. તે લીલા કલરના ડ્રેસ પહેરીને મીડિયાના કેમેરા સામે ડેનિમ જેકેટ અને જીન્સ પ્રદર્શિત કરી રહી હતી. આ દરમિયાન ત્યાં હાજર પાપારાઝીએ તેને કહ્યું કે ડ્રેસ ટ્રાય કરીને બતાવો. એક્ટ્રેસને આ વાત બિલકુલ પસંદ ન આવી. ઝરીન ખાને કહ્યું, ‘મારી સાથે ફાલતુ વાતો ન કરતાં, કારણ કે હું આવી વસ્તુઓ સહન કરનારાઓમાંની નથી. પોતાની હદમાં રહીને વાત કરવી.‘ આ વાત કહેતા ઝરીનના ચહેરા પર સ્પષ્ટપણે ગુસ્સો જોઈ શકાય છે. આ પહેલા ગોલ્ડ સ્ટ્રીમિંગ એવોર્ડ સેરેમનીમાં નેહા ધૂપિયા પાપારાઝી પર ભડકી ગઈ હતી. એક્ટ્રેસ બેક શોટ લેવા અને તેને પોસ્ટ કરવા પર નારાજગી વ્યક્ત કરી અને પાપારાઝીને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી.

સેરેમનીમાંથી નેહા ધૂપિયા એવોર્ડ લઈને નીકળી રહી હતી. ત્યારે પાપારાઝીએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં ગુસ્સે થતા તેણે કહ્યું છે, ‘બોલી લીધું? કરી લીધું? આ બદતમીઝીથી બેક શોટ તમારામાંથી કોણ લે છે? કોણ લે છે? છાપે છે કોણ? ન કરો. મારું નથી કરવાનું, કોઈનું નથી કરવાનું. બોલી-બોલીને થાકી ગયા છીએ.’ આગળ એક્ટ્રેસે કહ્યું, ‘આ અમારું કામ નથી. અમે બહાર આવીએ છીએ, ત્યારે તમે લોકો ત્યાં આ બધું કરો છો, બેગ ઉઠાવીને, બુક ઉઠાવીને, પાછળથી ચાલતા, આ બધું હવે નહીં ચાલે. બંધ કરો આ બધું. ખૂબ ઈજ્જતથી અમે તમારા લોકો સાથે વાત કરીએ છીએ, આ બધું ન કરો. ન કરો, બિલકુલ આ બધું ન કરો.’ આ એક્ટર્સ પણ પાપારાઝી પર ભડક્યા હતા મલાઈકા અરોરાએ ક્લાસ લીધો હતો થોડા સમય પહેલા જ મલાઈકા અરોરાનો એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં તે પાપારાઝી પર ગુસ્સે થતી જોવા મળી હતી. એક ઈવેન્ટ પછી મલાઈકા એક વ્યક્તિ સાથે વાત કરી રહી હતી, પરંતુ પાપારાઝી પ્રાઈવસી આપવાને બદલે સતત તેનો વીડિયો લઈ રહ્યા હતા. આ જોઈને એક્ટ્રેસ ભડકી ગઈ અને કહ્યું- અહીં જ આવી જાઓ. ગયા મહિને સલમાન ખાન પણ પાપારાઝી પર ભડકી ગયો હતો. તે હિન્દુજા હોસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાંથી નીકળતી વખતે પાપારાઝીના અવાજથી એક્ટર ભડકી ગયો હતો.

**આ ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ થતા ફેન્સ કોમેન્ટ કરવા પર મજબૂર થયા**

# કંગના રનૌતે આનંદીબેન પટેલની વાતને સાચી ગણાવી

## 'ભોજન કરાવવું અને સંભાળ રાખવી મહિલાઓનો સ્વભાવ છે'; સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ અભિનેત્રી



મુંબઈ

એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના તે નિવેદનનું સમર્થન કર્યું છે, જેમાં તેમણે મહિલાઓને રસોઈ શીખવાની સલાહ આપી હતી. આનંદીબેને કહ્યું હતું કે, ’મહિલાઓ ભલે શિક્ષક બને કે IAS ઓફિસર, તેમને પોતાના પરિવાર માટે ભોજન બનાવતા આવડવું જોઈએ.’ આના પર કંગનાએ પોતાના બાળપણનું ઉદાહરણ આપતા કહ્યું કે, ’ભોજન કરાવવું અને સંભાળ રાખવી એ મહિલાઓનો સાચો સ્વભાવ છે.’ રાજ્યપાલના આ નિવેદનનું સમર્થન કર્યા પછી કંગના રનૌતને સોશિયલ મીડિયા પર ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. બાળપણમાં ચૂલો બનાવીને રમતી હતી કંગના કંગના રનૌતે સોશિયલ મીડિયા X (અગાઉ ટ્વિટર) પર તેની જૂની યાદો શેર કરી છે. તેણે લખ્યું કે, ’જ્યારે અમે નાના હતા, ત્યારે મારો ભાઈ ફૂટબોલ અને ક્રિકેટ રમતો હતો. પણ હું ખૂબ ધ્યાનથી ઢીંગલીઓના ઘર બનાવતી હતી, તેમના કપડાં સીવતી હતી અને તેમના માટે ભોજન બનાવતી હતી. આ જોઈને ઘરના બધા લોકો ખુશ થતા હતા.’ ’મેં નાના-નાના માટીના ચૂલા પણ બનાવ્યા હતા અને એક માતાની જેમ ઢીંગલીઓની સંભાળ રાખતી હતી. આ કોઈ એવી વસ્તુ નથી, જેને આપણે અલગથી શીખવાની જરૂર પડે. ભગવાને આપણને માનવતાનું પાલન કરવાની જવાબદારી આપી છે, આ જ આપણો સાચો સ્વભાવ છે.’ મહિલાઓને શક્તિ અને અન્નપૂર્ણા ગણાવ્યા પોતાની પોસ્ટમાં કંગનાએ આગળ લખ્યું કે, ’મહિલાઓના આ જ સ્વભાવને કારણે તેમને સમાજમાં દેવી, શક્તિ, અન્નપૂર્ણા અને માતા જેવા નામ આપવામાં આવ્યા છે. કોઈને પ્રેમ કરવો, ભોજન કરાવવું અને તેનું પાલન-પોષણ કરવું એક સુખદ અનુભવ છે.’ કંગનાએ આ સાથે જ યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલના કાનપુરમાં આપેલા ભાષણનો એક વીડિયો ક્લિપ પણ શેર કર્યો. આ વીડિયોમાં આનંદીબેન પટેલ એક કાર્યક્રમને સંબોધિત કરતા મહિલાઓને રસોઈ અને માતૃત્વની શીખ આપતા જોવા મળી રહ્યા છે.

# સલમાન ખાનનો નવો 'કાઉબોય' લુક સોશિયલ મીડિયા પર વાયરલ!

## આ લુકમાં સલમાન ખાન ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યા હતા. તેમણે લાઈટ કલરની શર્ટ, જેની ઉપરના થોડા બટન ખુલ્લા હતા, તેની સાથે લાઈટ બ્લૂ ડિસ્ટ્રેસ્ડ ડેનિમ જીન્સ પહેર્યું હતું

મુંબઈ

બોલીવૂડના ’ભાઈજાન’ ગણાતા સલમાન ખાન પોતાના કામની સાથે સાથે હંમેશા પોતાના લુક્સને લઈને પણ ચર્ચામાં રહેતા હોય છે. તાજેતરમાં સલમાન ખાન મુંબઈના બાંદ્રામાં એક ડબિંગ સ્ટુડિયોની બહાર સ્પોટ થયા હતા, જ્યાં તેમનો ’કાઉબોય લુક’ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ચાલો જોઈએ શું છે ખાસ સલમાનભાઈના આ લૂકમાં... આ લુકમાં સલમાન ખાન ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યા હતા. તેમણે લાઈટ કલરની શર્ટ, જેની ઉપરના થોડા બટન ખુલ્લા હતા, તેની સાથે લાઈટ બ્લૂ ડિસ્ટ્રેસ્ડ ડેનિમ જીન્સ પહેર્યું હતું. તેમના લુકમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર તેમની ગ્રે કલરની ’ટેક્સચર્ડ કાઉબોય હેટ’ હતી. આ સ્ટાઈલિશ લુકને વધુ આકર્ષક બનાવવા માટે તેમણે બ્લેક લેધર બેલ્ટ, ગોલ્ડ વોચ, બ્લેક શૂઝ અને ગળામાં મોટા સ્ટોનવાળા પેન્ડન્ટ સાથેની સિલ્વર ચેઈન પહેરી હતી. સલમાનના આ નવા અવતારના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ફેન્સ તેમના આ ફેશન સેન્સના દીવાના બની ગયા છે. સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સનો વરસાદ થઈ રહ્યો છે, જેમાં એક ફેને લખ્યું, ‘આટલી ઉંમરે પણ સલમાન સરનું ફેશન સેન્સ લાજવાબ છે, તો બીજાએ તેમને ’હટકે’ ગણાવ્યા છે. કોમેન્ટ સેક્શનમાં ફેન્સ હાર્ટ અને ફાયર ઈમોજી દ્વારા પોતાનો પ્રેમ વરસાવી રહ્યા છે. વાત કરીએ સલમાન ખાનના વર્કફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન હવે ફિલ્મ ’માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઈન પીસ’માં જોવા મળશે. અપૂર્વ લાખિયા દ્વારા નિર્દેશિત આ વોર-ડ્રામા ફિલ્મમાં સલમાન સાથે અભિનેત્રી ચિત્રાંગદા સિંહ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 2026માં રિલીઝ થવાની શક્યતા છે.

આ ઉપરાંત, સલમાન ખાન પાસે વંશી પેડિપલ્લીની આગામી ફિલ્મ ’એસવીસી 63’ પણ છે, જેમાં તેમની સાથે સાઉથની સુપરસ્ટાર નયનતારા જોવા મળશે. બોલીવૂડના ’ભાઈજાન’ ગણાતા સલમાન ખાન પોતાના કામની સાથે સાથે હંમેશા પોતાના લુક્સને લઈને પણ ચર્ચામાં રહેતા હોય છે. તાજેતરમાં સલમાન ખાન મુંબઈના બાંદ્રામાં એક ડબિંગ સ્ટુડિયોની બહાર સ્પોટ થયા હતા, જ્યાં તેમનો ’કાઉબોય લુક’ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ચાલો જોઈએ શું છે ખાસ સલમાનભાઈના આ લૂકમાં... આ લુકમાં સલમાન ખાન ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યા હતા.





# શ્રુતિ હસને કર્યો નવા ઘરમાં ગૃહપ્રવેશ, અંદરની તસવીરો જોઈ ચોંકી જશો

## ફરાહ ખાન શ્રુતિને મળવા માટે તેના મુંબઈવાળા ફ્લેટ પર પહોંચી હતી એ સમયે મુંબઈનું ઘર અંદરથી કેવું છે જો જોવાનો પણ ચાન્સ મળ્યો હતો. ચેન્નઈ શ્રુતિનું હોમટાઉન છે.

ચેન્નઈ

એક્ટ્રેસ શ્રુતિ હસને આખરે પોતાનું ડ્રિમ હોમ ખરીદી લીધું છે. સાઉથની સુપરસ્ટારે સોમવારે (13.7.2026) પોતાના ઘરમાં ગૃહપ્રવેશ કર્યો હતો.નવા ઘરમાં તે પૂજા કરી રહી છે એ તસવીર સામે આવી છે. સિમ્પલ લૂકમાં પણ તે ખૂબ જ બ્યૂટીફૂલ લાગી રહી છે. મુંબઈ અને હૈદરાબાદ બાદ હવે ચેન્નઈમાં પણ એક્ટ્રેસે પોતાની પ્રોપર્ટી લોક કરી દીધી છે. હવે ચેન્નઈના પ્રાઈમ ગણાતા એરિયામાં તેણે પોતાનો ફ્લેટ લઈ લીધો છે. હૈદરાબાદમાં પણ પ્રાઈમ લોકેશન પર શ્રુતિનું ઘર છે. આ ઘર પણ ખૂબ આલિશાન માનવામાં આવે છે. ચેન્નઈમાં ખરીદેલું નવું ઘર પણ આલિશાન છે. નવા ઘરમાં પૂજા કરતી શ્રુતિની બેસ્ટ તસવીર સામે આવી છે. જ્યારે ફરાહ ખાન શ્રુતિને મળવા માટે તેના મુંબઈવાળા ફ્લેટ પર પહોંચી હતી એ સમયે મુંબઈનું ઘર અંદરથી કેવું છે જો જોવાનો પણ ચાન્સ મળ્યો હતો. ચેન્નઈ શ્રુતિનું હોમટાઉન છે. સૂત્રો એવું જણાવી રહ્યા છે કે શ્રુતિ હવે અહીંયા જ રહેશે. થોડા સમયમાં કેટલોક સામાન પણ શિફ્ટ થવાનો છે. શ્રુતિ પોતાના નવા ઘરમાં જમીન પર બેસીને પૂજા કરી રહી છે. સેલિબ્રેશન માટે રાખવામાં આવેલી મીઠાઈ તથા નવા ઘરની ચાવી પણ સ્પષ્ટ દેખાઈ રહી છે. આ તસવીર ઈન્સ્ટાગ્રામ પર પાપારાઝી માનવ મંગલાનીએ શૅર કરી છે. શ્રુતિએ પણ આ નવા ઘરની ઝલક પોતાના ઈન્સ્ટાગ્રામ પર શૅર કરી છે. વર્ષ 2024માં શ્રુતિએ પહેલીવાર પોતાના સોલોહોમનો ઉલ્લેખ કર્યો હતો. વર્ષ 2024માં શ્રુતિએ પોતાના એક ઘરની તસવીર શૅર કરી હતી. જેને એકલા રહેવાની જગ્યા બતાવી હતી. તસવીરમાં શ્રુતિ એકલી બેઠેલી જોવા મળી રહી છે. પોતાના રૂમ તરફ જોઈને એક મસ્ત સ્માઈલ આપી રહી છે. શ્રુતિએ એ સમયે લખ્યું હતું કે, જ્યારે 18 વર્ષની હતી એ સમયે આ છત પર બેસીને આરામથી સમય પસાર કરી હતી, આ મારૂ પહેલું ’સોલો હોમ’ હતુ, મેં અહીંયા જીવન અને ખુદ વિશે વિચારવા તથા કરવા માટેનું ઘણું શીખ્યું છે. અહીંયાથી જ ખુદ માટે સપના જોવાનું શરૂ કર્યું હતું. મ્યુઝિક, મ્યુઝિક સ્કૂલ, લેખન અંગે વિચારવાનું શરૂ કર્યું હતું. પહેલીવાર અહીંયાથી જ મને મારી લાઈફ અને ખુદ સાથે એક અલગ પ્રેમ થયો હતો.

# અભિનેતા રણબીર કપૂરે પુણેમાં ખરીદી કરોડોની જમીન

## રણબીર કપૂરે પૂણામાં એક પ્રાઈમ ગણાતા રીયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં રોકાણ કર્યું છે. ફિલ્મોની સાથે રણબીર કપૂર હવે રીયલ એસ્ટેટમાં પણ રોકાણ કરી મસમોટી રકમ આપી રહ્યો છે

મુંબઈ

બોલિવૂડના સેલેબ્સ હવે પ્રોપર્ટીની ખરીદીમાં વધુ પડતો રસ દાખવી રહ્યા છે. અમિતાભ બચ્ચન, અક્ષય કુમાર, કૃતિ સેનન અને હવે રણબીર કપૂર આ યાદીમાં જોડાઈ ગયા છે. આ એવા સેલેબ્સ છે જેની કરોડોની સંપત્તિ રીયલ એસ્ટેટમાં છે. એવામાં હવે રણબીર કપૂરે પૂણામાં એક પ્રાઈમ ગણાતા રીયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં રોકાણ કર્યું છે. ફિલ્મોની સાથે રણબીર કપૂર હવે રીયલ એસ્ટેટમાં પણ રોકાણ કરી મસમોટી રકમ આપી રહ્યો છે. પુણેના ક્યા પ્રોજેક્ટમાં પ્રોપર્ટી? અયોધ્યામાં રોકાણ કર્યા બાદ હવે રણબીરે પૂણે શહેરના એક પ્રાઈમ ગણાતા પ્રોજેક્ટમાં પૈસા રોકવા નિર્ણય કર્યો છે. આ પ્રાઈમ પ્રોજેક્ટની કિંમત કરોડો રૂપિયામાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશનના એક દસ્તાવેજ અનુસાર હવે પૂણેના મુલશી તાલુકામાં આકાર લેનારા એક પ્રોજેક્ટમાં તેણે રોકાણ કર્યું છે. 25 એકરની જમીન ખરીદી હોવાના અહેવાલ છે. આ જમીનની કિંમત 16.42 કરોડ હોવાનું માનવામાં આવે છે. રણબીર કપૂરે પીંપરી ગામે આ જમીન ખરીદી છે. 43,800 વર્ગ મીટરનો આ પ્લોટ છે. જેની કિંમત 7.07 કરોડ છે. આ સિવાય 29,900 વર્ગ મીટરનો પ્લોટ 4.62 કરોડ, 21,400 વર્ગ મીટરનો પ્લોટ 3.31 કરોડ અને 8900 વર્ગ મીટરનો સૌથી નાનો પ્લોટ 1.39 કરોડમાં ખરીદ્યો છે. કાર્તિક આર્યન, વિરાટ કોહલી, અનુષ્કા શર્મા અને સુનીલ શેટ્ટી જેવી કલાકારો દેશના જુદા-જુદા ભાગમાં પ્રાઈમ લોકેશન ગણાતા વિસ્તારમાં રોકાણ કરી રહ્યા છે. જ્યારે શિલ્પા શેટ્ટી અને હુમા કુરૈશી જેવી સ્ટાર એક્ટ્રેસે હોટેલ-રેસ્ટોરાં ઈન્ડસ્ટ્રીમાં રોકાણ કર્યું છે. રણબીરે ખરીદેલી જમીન પુણેમાં છે, જે એવું દર્શાવે છે કે હવે કલાકારો મુંબઈ સિવાયના શહેરમાં પ્રાઈમ લોકેશનમાં જમીન ખરીદી કરવામાં રસ દાખવી રહ્યા છે.



### નેટ્સમાં બંને વચ્ચેની આ દૂરી કેમેરામાં કેદ થતાં સોશિયલ મીડિયા પર જૂના સંબંધોના ઉતાર-ચઢાવની ચર્ચાએ જોર પકડ્યું છે

# ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી વચ્ચે વાતચીત બંધ: રિપોર્ટમાં દાવો

મુંબઈ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી આગામી મેચ પહેલાં ક્રિકેટના મેદાનમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જેણે સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચા જગાવી છે. બર્મિંગહામ ખાતે યોજાયેલા ભારતીય ટીમના સત્તાવાર પ્રેક્ટિસ સેશન દરમિયાન હેડ કોચ ગૌતમ ગંભીર અને દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી એ એકબીજા સાથે વાત કરવાનું કે સંપર્ક કરવાનું સંપૂર્ણપણે ટાળ્યું હતું. નેટ્સમાં બંને વચ્ચે જોવા મળેલી આ દૂરી કેમેરામાં કેદ થતાં જ ક્રિકેટ જગતમાં નવો વિવાદ શરૂ થઈ ગયો છે. સમગ્ર પ્રેક્ટિસ સેશન દરમિયાન એકબીજા તરફ જોયું પણ નહીં! બર્મિંગહામ ગ્રાઉન્ડ પરથી સામે આવેલા અહેવાલો અને વીડિયો અનુસાર, વિરાટ કોહલી જ્યારે નેટ્સમાં લાંબા સમય સુધી બેટિંગની પ્રેક્ટિસ કરી રહ્યો હતો, ત્યારે હેડ કોચ ગૌતમ ગંભીર ત્યાં જ હાજર હોવા છતાં બંને વચ્ચે કોઈ પણ




પ્રકારની વાતચીત થઈ નહોતી. સામાન્ય રીતે હેડ કોચ બેટ્સમેનોને તેમની ટેકનિક અંગે સલાહ આપતા જોવા મળે છે, પરંતુ ગંભીર અન્ય ખેલાડીઓ પર ધ્યાન કેન્દ્રિત કરતો જોવા મળ્યો હતો. પ્રેક્ટિસ પૂરી કરીને વિરાટ જ્યારે નેટ્સની બહાર આવ્યો, ત્યારે પણ બંને એકબીજાને નજરઅંદાજ કરીને આગળ વધી ગયા હતા. ગૌતમ ગંભીર અને વિરાટ કોહલી વચ્ચે IPLના દિવસોથી જ સંબંધોમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. મેદાન પર બંને વચ્ચે થયેલી ઉગ્ર દલીલો ફેન્સ હજુ સુધી ભૂલ્યા નથી. જોકે, ગંભીર જ્યારે ટીમ ઈન્ડિયાનો હેડ કોચ બન્યો ત્યારે એવું માનવામાં આવતું હતું કે બંનેએ જૂના મતભેદો ભૂલીને નવી શરૂઆત કરી દીધી છે. પરંતુ ઈંગ્લેન્ડ પ્રવાસ જેવા મહત્ત્વના સ્ટેજ પર બર્મિંગહામ સેટઅપમાં જોવા મળેલી આ ઘટના દર્શાવે છે કે કદાચ પડદા પાછળ બધું બરાબર નથી. સોશિયલ મીડિયા પર ફેન્સ આ બાબતને લઈને અલગ-અલગ તર્ક લગાવી રહ્યા છે અને તેને એક મોટો વિવાદ ગણાવી રહ્યા છે. ઈંગ્લેન્ડ સામેની સીરિઝ ભારત માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં હેડ કોચ અને ટીમના સૌથી સીનિયર બેટ્સમેન વચ્ચેનો આવો કોલ્ડ-વોર મેદાન પર ટીમના પ્રદર્શનને અસર કરી શકે છે તેવી ચિંતા ક્રિકેટ વિવેચકો વ્યક્ત કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે આગામી દિવસોમાં મેનેજમેન્ટ અથવા આ બંને ખેલાડીઓ તરફથી આ અંગે કોઈ ખુલાસો કરવામાં આવે છે કે નહીં.

## 20 વર્ષ પછી ફૂટબોલ વર્લ્ડકપમાં ફ્રાન્સ Vs સ્પેન મુકાબલો

લંડન

ફ્રાન્સ અને સ્પેન 20 વર્ષ પછી ફિફા વર્લ્ડ કપમાં આમને-સામને થશે. બંને ટીમો વચ્ચે 2026 વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલ બુધવારે રાતે 12:30 વાગ્યે ડલાસ સ્ટેડિયમમાં રમાશે. વર્લ્ડ કપમાં આ પહેલા બંનેની છેલ્લી ટક્કર 2006માં થઈ હતી, જ્યારે ફ્રાન્સે રાઉન્ડ-16માં સ્પેનને 3-1થી હરાવ્યું હતું. એકંદરે, બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં 38 મેચ રમાઈ છે, જેમાં સ્પેને 18 અને ફ્રાન્સે 13 મેચ જીતી છે, જ્યારે 7 મેચ ડ્રો રહી છે. ફ્રાન્સના કેપ્ટન કિલિયન એમ્બાપ્પે શાનદાર ફોર્મમાં છે. તે વર્તમાન વર્લ્ડ કપમાં સૌથી વધુ 8 ગોલ કરીને ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ છે. બીજી તરફ, સ્પેનની આશાઓ 19 વર્ષીય સ્ટાર લામિન યમાલ પર ટકેલી હશે. યમાલે આખી ટુર્નામેન્ટમાં ઘણી શ્રેષ્ઠ તકો ઊભી કરી છે, જોકે અત્યાર સુધી તેના નામે માત્ર એક ગોલ છે. બંને ટીમો છેલ્લી વાર 2025ની નેશન્સ લીગ સેમિફાઈનલમાં ટકરાઈ હતી, જ્યાં સ્પેને 5-4થી જીત મેળવી હતી. તે મેચમાં યમાલે બે ગોલ કર્યા હતા. ફ્રાન્સે આ ટુર્નામેન્ટમાં તેની તમામ 6 મેચ જીતી છે. ગ્રુપ સ્ટેજમાં ફ્રાન્સે સેનેગલને 3-1, ઈરાકને 3-0 અને નોર્વેને 4-1થી હરાવ્યું. ત્યારબાદ રાઉન્ડ ઓફ 32માં ટીમે સ્વીડન સામે 3-0થી જીત મેળવી. પછી રાઉન્ડ ઓફ 16માં પેરાગ્વેને 1-0થી અને ક્વાર્ટર ફાઈનલમાં મોરોક્કોને 2-0થી હરાવ્યું. જો ફ્રાન્સ આ મેચ જીતે છે, તો તે સતત ત્રીજી વખત વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચશે. આ પહેલા તેણે 2018નો વર્લ્ડ કપ જીત્યો હતો. 2022માં આર્જેન્ટિના સામે ફાઈનલમાં હાર મળી હતી. સ્પેન ટુર્નામેન્ટમાં અત્યાર સુધી કોઈ મેચ હાર્યું નથી. ટીમે 6 મેચમાં 5 જીત અને એક ડ્રો રમ્યો. ગ્રુપ સ્ટેજમાં સ્પેને સાઉદી અરેબિયાને 4-0 અને ઉરુગ્વેને 1-0થી હરાવ્યું. કાબો વર્ડે સામેની મેચ 0-0થી ડ્રો રહી. રાઉન્ડ ઓફ 32માં ઓસ્ટ્રિયા સામે 3-0થી જીત્યું. પછી રાઉન્ડ ઓફ 16માં પોર્ટુગલને 1-0 અને ક્વાર્ટર ફાઈનલમાં બેલ્જિયમને 2-1થી હરાવ્યું.

### ગૃહ મંત્રાલયના પૂર્વ અધિકારીનો ખુલાસો

## 'શોએબ અખ્તર અને આસિફ ભારત આવે ત્યારે ડ્રગ્સ લઈને આવતા'

મુંબઈ

ભારત સરકારના ગૃહ મંત્રાલયના પૂર્વ અન્ડર સેક્રેટરી આરવીએસ મણિએ પાકિસ્તાની ક્રિકેટ ખેલાડીઓ, ડેલિગેશનને લઈને એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે, તેમણે કહ્યું છે કે પાકિસ્તાની ક્રિકેટર, ડેલિગેશનના મેમ્બર્સ અને શોએબ અખ્તર તથા મોહમ્મદ આસિફ જેવા ખેલાડીઓ જ્યારે પણ ભારત પ્રવાસે આવતા હતા ત્યારે તેઓ ડ્રગ્સનો જથ્થો લઈને આવતા હતા. પાકિસ્તાનની ટીમ ભારતમાં આવતી વખતે ડ્રગ્સ ટ્રાફિકિંગ કરતી હતી. આ મામલામાં તેમણે ISIનો હાથ ગણાવ્યો છે. આરવીએસ મણિ કેન્દ્રીય સચિવાલય સેવાના અધિકારી રહ્યા છે. 2006-2010 દરમિયાન તેઓ ગૃહ મંત્રાલયના આંતરિક સુરક્ષા ડિવિઝનમાં અંડર સેક્રેટરી તરીકે કાર્યરત હતા. તેઓ હવે નિવૃત્ત થઈ



ચૂક્યા છે. આરવીએસ મણિએ ઑગસ્ટ 2013માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી. તે સમયે તેઓ શહેરી વિકાસ મંત્રાલયમાં અંડર સેક્રેટરીના પદ પર હતા. તેમનું કામ જમ્મુ-કાશ્મીર, પૂર્વોત્તર અને આતંકવાદ સાથે જોડાયેલા સંવેદનશીલ મુદ્દાઓ સંબંધિત હતું.

તેમણે એક ખાનગી પોડકાસ્ટમાં તેમણે આ સનસનાટીભર્યા ખુલાસા કર્યા છે. ભારતમાં આતંકવાદ ફેલાવવામાં ડ્રગ્સ ટ્રાફિકિંગનો રોલ ઉજાગર કરતાં તેમણે કહ્યું કે આતંકવાદના ફંડિંગના 30 ટકા ડ્રગ્સ ટ્રાફિકિંગમાંથી આવે છે. તેમણે પોતાના કાર્યકાળનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તે દરમિયાન ભારત આવનારા તમામ પાકિસ્તાની ડેલિગેશન ભારત ડ્રગ્સ લઈને આવતા હતા

## 20 વર્ષ પછી ફિફા સેમિફાઈનલમાં ટકરાશે ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના

### આર્જેન્ટિનાના કોચ લિયોનેલ સ્કાલોનીએ 13 વર્લ્ડ કપ મેચનો નવો રેકોર્ડ બનાવ્યો છે

લંડન

ફૂટબોલ જગતના ચાહકો જે ઘડીની વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા તે આખરે આવી ગઈ છે. પૂરા બે દાયકા બાદ, 16 જુલાઈ ગુરુવારના રોજ ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિનાની ટીમો ફીફા વર્લ્ડ કપ 2026ના સેમિફાઈનલમાં એકબીજાને ટક્કર આપશે. આ મેચ સાથે જ વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી જૂની અને કટ્ટર પ્રતિસ્પર્ધિતાઓમાંની એક ફરી જીવંત થઈ ગઈ છે. બંને ટીમો વચ્ચે ફાઈનલમાં પહોંચવા માટે મેક્સિકો સિટીના પ્રખ્યાત એજટેકા સ્ટેડિયમમાં જોરદાર જંગ જોવા મળશે. હેડ-ટુ-હેડ રેકોર્ડમાં ઈંગ્લેન્ડ ભારે ર્લ્ડ કપના ઈતિહાસ પર નજર કરીએ તો ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચે અત્યાર સુધીમાં કુલ 5 મુકાબલા ખેલાયા છે. આ દરમિયાન ઈંગ્લેન્ડની ટીમનો પલ્લો થોડો ભારે રહ્યો છે. ઈંગ્લેન્ડે 3 મેચોમાં જીત






મેળવી છે, જ્યારે આર્જેન્ટિનાને 2 મેચોમાં સફળતા મળી છે (જેમાં એક પેનલ્ટી શૂટઆઉટની જીત પણ સામેલ છે). 1966ના ઐતિહાસિક મુકાબલામાં વેમ્બલી સ્ટેડિયમ ખાતે ઈંગ્લેન્ડે ટ્રોફી તો જીતી લીધી હતી, પરંતુ એ મેચ દરમિયાન બંને ટીમો વચ્ચે પેદા થયેલી કડવાશ અને ખરાબ ભાવના દાયકાઓ સુધી ફૂટબોલ પિચ પર દેખાતી રહી છે. કોચ લિયોનેલ સ્કાલોનીનો નવો રેકોર્ડ બીજી તરફ, સ્વિટ્ઝરલેન્ડને શાનદાર મેચમાં હરાવીને આર્જેન્ટિનાએ સેમિફાઈનલમાં જગ્યા પાકી કરી લીધી છે. આ જીતની સાથે જ આર્જેન્ટિનાના મેનેજર લિયોનેલ સ્કાલોનીએ વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરીને નેશનલ ટીમના ઈતિહાસના સૌથી સફળ મેનેજરોમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું છે. સ્વિટ્ઝરલેન્ડ સામેની મેચ લિયોનેલ સ્કાલોનીની આર્જેન્ટિનાના નેશનલ કોચ તરીકેની 13મી વર્લ્ડ કપ મેચ હતી. આ સાથે જ તેમણે 1978ના વર્લ્ડ કપ ચેમ્પિયન કોચ સીઝર લુઈસ મેનોટ્ટીનો રેકોર્ડ તોડી નાખ્યો છે, જેમણે 12 વર્લ્ડ કપ મેચોમાં ટીમનું સંચાલન કર્યું હતું. હવે સ્કાલોનીની નજર કાર્લોસ સાલ્વાડોર બિલાર્ડોના રેકોર્ડને પાર કરવા પર છે, જેમણે કોચ તરીકે 14 વર્લ્ડ કપ મેચોમાં ટીમ સંભાળી હતી. હાલમાં બિલાર્ડો પછી આર્જેન્ટિનાના ઈતિહાસમાં બીજા ક્રમે લિયોનેલ સ્કાલોની આવી ગયા છે.



### વિદેશી રોકાણકારો ભારતીય ફંડોમાંથી નાણાં પાછા ખેંચી રહ્યા છે

# ભારત કેન્દ્રીત ફંડોમાંથી વિદેશી રોકાણકારોની પીછેહઠ

મુંબઈ

ભારત કેન્દ્રીત ફન્ડોમાંથી વિદેશી રોકાણકારો પોતાના રોકાણ ઘટાડી રહ્યાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે. ઈન્ડિયા ફોકસ્ડ ફન્ડસમાંથી નાણાં પાછા ખેંચી વિદેશી રોકાણકારો અમેરિકા કેન્દ્રીત ફન્ડસમાં રોકાણ તરફ વળ્યા હોવાનું પણ પ્રાપ્ત માહિતીમાં જણાવાયું છે.આર્ટિફિસિએલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ક્ષેત્રમાં બદલાઈ રહેલી પસંદગી વચ્ચે વૈશ્વિક રોકાણકારો પોતાના રોકાણ વ્યૂહમાં બદલાવ લાવી રહ્યાના પણ સંકેત મળી રહ્યા છે. ઈલારા કેપિટલના એક રિપોર્ટ પ્રમાણે, વર્તમાન કેલેન્ડર વર્ષમાં ભારત કેન્દ્રીત ફન્ડોમાંથી રોકાણકારોએ નેટ ૯ અબજ ડોલર પાછા ખેંચી લીધા છે. બીજી બાજુ ગયા સપ્તાહમાં અમેરિકા કેન્દ્રીત ફન્ડસમાં ૨૭ અબજ ડોલરની નવો મૂડી પ્રવાહ જોવા મળ્યો છે.




આ અગાઉને બે સપ્તાહમાં રોકાણકારોએ ૨૫ અબજ ડોલર જેટલા પાછા ખેંચી લીધા હતા. ભારત સહિતની ઊભરતી બજારોમાં સાવચેતી સાથે રોકાણકારો અમેરિકાની બજારને પ્રાથમિકતા આપી રહ્યા હોવાનું પ્રાપ્ત ડેટા પરથી કહી શકાય એમ છે. વર્તમાન વર્ષમાં ભારત કેન્દ્રીત ફન્ડસમાં લોન્ગ ફન્ડસમાંથી ૭ અબજ ડોલર અને એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસમાંથી બે અબજ ડોલર જેટલું ઈન્વેસ્ટમેન્ટસ રીડિમ કરાયાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. માર્ચ ૨૦૨૩થી ઓકટોબર, ૨૦૨૪ના ગાળામાં ભારત કેન્દ્રીત લોન્ગ ઓન્લી ફન્ડસમાં અંદાજે ૨૦ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો જેમાંથી વર્તમાન વર્ષના સાત અબજ ડોલર સહીત ૧૨ અબજ ડોલર પાછા ખેંચી લેવાયા છે. ભારત કેન્દ્રીત ફન્ડસમાંથી થયેલા રિડમ્પશનમાં સૌથી વધુ રિડમ્પશન લક્ષમબર્ગ ખાતેથી જોવા મળ્યું છે. આ વિસ્તારમાંથી ૩.૫૦ અબજ ડોલરનું રોકાણ પાછું ખેંચાયું હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું છે. ૨.૪૦ અબજ ડોલર સાથે અમેરિકા વિસ્તારનો બીજો ક્રમ જ્યારે ૨.૧૦ અબજ ડોલર સાથે રોકાણ પાછા ખેંચવામાં જાપાનનો ત્રીજો ક્રમ રહ્યો છે. એઆઈ ક્ષેત્રના શેરોમાં ઈન્વેસ્ટમેન્ટ પ્રવાહ ધીમો પડી રહ્યો હોવાનું પણ માનવામાં આવે છે.

### ચીન પાસેથી લોન લઈને ફસાયેલા આફ્રિકન દેશો

# ચીન દ્વારા હવે લોન ડોલરમાં નહીં, યુઆનમાં પરત કરવાની માંગણી

મુંબઈ

ઘણા આફ્રિકન દેશો ચીન પાસેથી લોન લઈને ફસાયેલા છે. ચીન હવે યુઆનમાં લોન પરત કરવાની માંગ કરી રહ્યું છે. ચીનની આ કવાયતમાં કેન્યા સંમત થાય તેવું લાગે છે. આ પ્રયાસ ડોલરના વર્ચસ્વને સમાપ્ત કરવાનો છે. તેની અસર ભારતમાં પણ અનુભવાઈ શકે છે. ચીન વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તેણે પાકિસ્તાન સહિત ઘણા દેશોને નોંધપાત્ર લોન આપી છે. ઘણા આફ્રિકન દેશો પણ તેના દેવાના બોજ હેઠળ દબાયેલા છે. હવે, ચીન ચીની ચલણ યુઆનમાં તેની લોન પરત કરવાની માંગ કરી રહ્યું છે. વૈશ્વિક વેપારમાં યુએસ ડોલરનું વર્ચસ્વ ઘટાડવા માટે ચીન દ્વારા આને એક નવી યુક્તિ તરીકે જોવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કેન્યાએ તેના ચીની દેવાનો એક ભાગ ડોલરથી યુઆનમાં ચૂકવવાનો નિર્ણય લીધો છે. નિષ્ણાતો



આને આંતરરાષ્ટ્રીય બજારમાં મોટા પરિવર્તનની શરૂઆત માને છે. આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા દેશો હવે ડોલરની પકડમાંથી છટકી જવાના રસ્તાઓ શોધી રહ્યા છે. જો ભારત પણ યુઆનમાં વેપાર કરે છે, તો તેના ફાયદા અને ગેરફાયદા બંને હોઈ શકે છે. છેલ્લા ૨૦ વર્ષોમાં, આફ્રિકન દેશોએ ચીન પાસેથી ૧૫૦ થી ૧૮૦ બિલિયન ડોલર જેટલી લોન લીધી છે. જ્યારે વિશ્વ બેંક જેવી સંસ્થાઓ કડક નિયમો અને નિયમો લાદી રહી હતી, ત્યારે ચીને ઝડપથી અને મુક્તપણે આ દેશોને મોટી રકમ પૂરી પાડી હતી. અંગોલા, ઈથોપિયા, કેન્યા, ઈજિપ્ત અને નાઈજીરીયા જેવા દેશોએ આ પૈસાથી રેલ્વે, એરપોર્ટ અને પાવર ડેમ બનાવ્યા, પરંતુ હવે મુશ્કેલી શરૂ થઈ ગઈ છે. આ પ્રોજેક્ટ્સ ચીનને હપ્તાની ચૂકવણી પૂરી કરવા માટે પૂરતી આવક ઉત્પન્ન કરી રહ્યા નથી. આફ્રિકન સરકારો તેમના લોકો પાસેથી સ્થાનિક ચલણમાં કર વસૂલ કરે છે, પરંતુ ચીનને વિદેશી ચલણમાં ચૂકવણી કરવી પડે છે. જ્યારે પણ આ દેશોની ચલણ નબળી પડે છે.


### મોબાઇલ ગેમિંગ માર્કેટ બદલાઈ રહ્યું છે

# કેઝ્યુઅલ, ફ્રી ગેમ્સ છોડીને શૂટર, સ્ટ્રેટેજી જેવી ગેમ્સ તરફ ભારતીયોનો ઝુકાવ...

### મોબાઇલ ગેમિંગ માર્કેટ બદલાઈ રહ્યું છે. 'મિક્સી ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ્સ'ના રિપોર્ટ મુજબ, ગેમર્સ હવે કેઝ્યુઅલ, ફ્રી ગેમ્સ છોડીને શૂટર, સ્ટ્રેટેજી જેવી સ્પર્ધાત્મક ગેમ્સ રમી રહ્યા છે

મુંબઈ

મોબાઈલ ગેમિંગ માર્કેટ બદલાઈ રહ્યું છે. 'મિક્સી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ્સ'ના રિપોર્ટ મુજબ, ગેમર્સ હવે કેઝ્યુઅલ, ફ્રી ગેમ્સ છોડીને શૂટર, સ્ટ્રેટેજી જેવી સ્પર્ધાત્મક ગેમ્સ રમી રહ્યા છે. આનાથી ઈન-એપ ખરીદી ઝડપથી વધી રહી છે. રિયલ મની ગેમિંગ એટલે કે સટ્ટા આધારિત ગેમ્સ પર કડકાઈ પછી ગેમર્સનો ઝુકાવ બિન-સટ્ટા ગેમિંગ તરફ વળ્યો છે. નોન-આરએમજી ગેમિંગ બજાર 2025માં 10,527 કરોડનું રહ્યું, જે આ વર્ષે 14,350 કરોડ અને 2029 સુધીમાં 23,000 કરોડ સુધી પહોંચી શકે છે. દેશમાં 60 કરોડ સક્રિય ગેમર્સ છે. મફત ગેમ્સ પસંદ, પરંતુ છેલ્લા 5 વર્ષમાં ઈન-એપ ખરીદીથી કમાણી બમણાથી પણ વધુ 7,656 કરોડ થઈ સૌથી ઝડપી વૃદ્ધિ - 2025માં દેશમાં 795 કરોડ મોબાઈલ ગેમ ડાઉનલોડ થયા, જે સમગ્ર એશિયામાં સૌથી વધુ છે. ગેમર્સ પણ વર્ષભરમાં 9% વધીને 60 કરોડ થઈ ગયા. કિંમત પર ભાર - ભારત નફાની દ્રષ્ટિએ પાછળ છે. ગયા વર્ષે ઈન-એપ



ખરીદીથી 7,656 કરોડની કમાણી થઈ. આ મામલે આપણે એશિયામાં છઠ્ઠા સ્થાને રહ્યા. કિંમત પ્રત્યેની સંવેદનશીલતા તેનું કારણ જણાવવામાં આવ્યું છે. ફ્રી ગેમ્સ પસંદ - ભારતીય ગેમર્સ મોટાભાગે મફત ગેમ્સ પસંદ કરે છે. જાહેરાતો કમાણીનો મોટો સ્ત્રોત છે. 2025માં ઈન-ગેમ જાહેરાતોથી કંપનીઓને 2,871 કરોડની કમાણી થઈ. ખર્ચ વધારી રહ્યા છે ગેમર્સ- છેલ્લા પાંચ વર્ષમાં મોબાઈલ ગેમિંગની આવક વાર્ષિક 17 ટકાથી પણ વધુ દરે વધી છે, જ્યારે આ જ સમયગાળા દરમિયાન ઈન-એપ ખરીદીથી થતી કમાણી બમણાથી વધુ થઈ ગઈ છે. એટલે કે, ગેમર્સ હવે ધીમે ધીમે ખર્ચ કરવાનું શરૂ કરી રહ્યા છે. ઝડપી વૃદ્ધિ - દર વર્ષે અઢી ગણા સુધી વધી રહી છે ગેમિંગથી કમાણી ગેમ કેટેગરી આવક વૃદ્ધિ MOBA 234% કાર્ડ બેટલર 92% 4X સ્ટ્રેટેજી 77% (સ્ત્રોત: મિક્સી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ્સ) દેશનું સંપૂર્ણ ગેમિંગ માર્કેટ આ વર્ષે 48,000 કરોડ સુધી 2026 - 48,000 કરોડનું બજાર (RMG સહિત), 2031 - 94,000 કરોડથી ઉપર જવાનો અંદાજ વાર્ષિક વૃદ્ધિ- 14.52% ગેમિંગ સ્ટાર્ટઅપ્સ -2,364 મોટી કંપનીઓ ગરેના/ફ્રી ફાયર, ક્રિષ્ના ગેમ્સ/BGMI-ક્રાફ્ટન, નઝારા ટેકનોલોજીસ, ડ્રીમ11, ગેમ્સક્રાફ્ટ, - ફ્રી ફાયર મેક્સ અને બેટલગ્રાઉન્ડ્સ મોબાઈલ ઈન્ડિયા મળીને ભારતીય ગેમ માર્કેટમાં શૂટર કેટેગરીની કુલ કમાણીમાં 94% હિસ્સેદારી ધરાવે છે.


# સેન્સેક્સ 561 અંક ઘટીને 77,055 પર બંધ

- **નિફ્ટી પણ 159 અંક તૂટીને 24,052 પર આવ્યો; ઓટો, IT અને રિયલ્ટી શેર્સમાં વધુ વેચવાલી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 14 જુલાઈના રોજ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 561 પોઈન્ટના ઘટાડા સાથે 77,055 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 159 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 24,052 પર બંધ થયો. ઓટો, IT, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. જ્યારે ફાર્મા, હેલ્થ કેર અને મેટલમાં વધુ ખરીદી રહી. ક્રૂડ ઓઈલ 2% વધીને 85 ડોલર પર પહોંચ્યું

ક્રૂડ ઓઈલની કિંમતો 2% વધીને ફરીથી 85 ડોલરની નજીક પહોંચી ગઈ



છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે ઈરાન સાથે થયેલો કરાર હવે સમાપ્ત થઈ ગયો છે. આનાથી ક્રૂડ ઓઈલના ભાવમાં ફરીથી તેજી જોવા મળી રહી છે.

આજથી 2 કંપનીઓના IPO ઓપન થઈ રહ્યા છે. આ IPO SBI ફંડ્સ મેનેજમેન્ટ અને આલ્પાઈન ટેક્સવર્લ્ડના છે. મ્યુચ્યુઅલ ફંડ કંપની SBI ફંડ્સ મેનેજમેન્ટ પ્રાઈમરી માર્કેટમાંથી 9,813 કરોડ રૂપિયા એકત્ર કરી રહી છે. તેવી જ રીતે, આલ્પાઈન ટેક્સવર્લ્ડ ફ્રેશ ઈશ્યૂ દ્વારા 126.25 કરોડ રૂપિયા એકત્ર કરશે. આ પહેલા ગઈકાલે એટલે કે 13 જુલાઈના રોજ શેરબજારમાં ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો. સેન્સેક્સ 47 અંક વધીને 77,616 પર બંધ થયો હતો. નિફ્ટીમાં 4 અંકનો વધારો રહ્યો, તે 24,211 પર બંધ થયો હતો.

# ગુજરાત યુવા કોંગ્રેસમાં મોટો ભડકો: 30 જિલ્લા પ્રમુખો સહિત 56 પદાધિકારીઓને શો કોઝ નોટિસ ફટકારી.!

## 48 કલાકમાં પદાધિકારીઓને લેખિત જવાબ રજૂ કરવા આદેશ

**અમદાવાદ**

ગુજરાત યુવા કોંગ્રેસ સંગઠનને વધુ સક્રિય, મજબૂત અને જનહિતના મુદ્દાઓ પર પ્રભાવી બનાવવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રભારી અને રાષ્ટ્રીય સચિવ નિખિલ દ્વિવેદી દ્વારા સંગઠનમાં લાંબા સમયથી નિષ્ક્રિય ચાલી રહેલા 30 જિલ્લા પ્રમુખો અને 26 પ્રદેશ પદાધિકારીઓ (કુલ 56 પદાધિકારીઓ) ને સત્તાવાર રીતે શો-કોઝ નોટિસ જારી કરવામાં આવી છે.

આ નોટિસ દ્વારા તમામ સંબંધિત પદાધિકારીઓ પાસેથી સંગઠનાત્મક બેઠકોમાં ગેરહાજર રહેવા અને તેમની કામગીરી અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. નોટિસ મળ્યાના 48 કલાકની અંદર તમામ પદાધિકારીઓએ પોતાનો લેખિત જવાબ રજૂ કરવાનો રહેશે.

જો નિર્ધારિત સમય મર્યાદામાં સંતોષકારક જવાબ નહીં મળે, તો સંગઠનના નિયમો અનુસાર તેમને પદ પરથી હટાવવા સહિતની કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

આ પ્રસંગે પ્રભારી નિખિલ દ્વિવેદીએ જણાવ્યું હતું કે, યુવા કોંગ્રેસમાં માત્ર પદ મેળવી લેવું પૂરતું નથી, પરંતુ સંગઠન અને જનતાની વચ્ચે સતત સક્રિય રહીને કામ કરવું અનિવાર્ય છે. જે કાર્યકરો જમીની સ્તરે મહેનત કરશે, સંગઠનને મજબૂત બનાવશે અને જનતાના મુદ્દાઓ પર સંઘર્ષ કરશે, તેમને જ સંગઠનમાં પૂરતું સન્માન અને નવી તકો આપવામાં આવશે. સંગઠનમાં નિષ્ક્રિયતા કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

રાષ્ટ્રીય પ્રભારી મનીષ શર્માના નેતૃત્વમાં યોજાયેલી સંગઠનાત્મક બેઠકમાં કોઈ પણ પૂર્વ સૂચના કે માનય કારણ વગર ગેરહાજર રહેનારા પદાધિકારીઓ સામે આ આકરા પગલાં લેવામાં આવ્યા છે. યુવા કોંગ્રેસનો મુખ્ય ઉદ્દેશ્ય એક સક્રિય, જવાબદારીપૂર્વક કાર્ય કરતું અને સંઘર્ષશીલ સંગઠન બનાવવાનો છે, જેથી યુવાનોના અવાજને વધુ મજબૂતાઈથી વાચા આપી શકાય.




### નિયમોનું ઉલ્લંઘન કરતી એજન્સીને દંડ

# ડોર ટુ ડોર કચરા કલેક્શનની ગાડી ચલાવતા બે ડ્રાઈવર સસ્પેન્ડ

- વાહન ચલાવવામાં બેદરકારી બદલ AMCના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કાર્યવાહી



**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની ડોર ટુ ડોર કલેક્શન વાનના કેટલાક ડ્રાઈવરો દ્વારા બેદરકારી પૂર્વક ગાડી ચલાવવામાં આવે છે. તેમજ ટ્રાફિકના નિયમો વિરુદ્ધ વાહન ચલાવવામાં આવતું હોય છે. જેના પગલે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ અંતર્ગત ચાલતા વેસ્ટ કલેક્શનના વાહનો ચાલકોની વિશેષ ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ચેકિંગ દરમિયાન વિરાટનગર અને નવરંગપુરા વોર્ડમાં બે ડ્રાઈવરો નિયમોનું યોગ્ય રીતે પાલન ન કર્યું હોવાના પગલે તાત્કાલિક અસરથી તેમને ફરજ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. શહેરના તમામ 7 ઝોનના 48 વોર્ડમાં કાર્યરત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડોર ટુ ડોર કચરા કલેક્શન વાનના ડ્રાઈવરોની રોજિંદી કામગીરીનું ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેથી ડ્રાઈવરો ઓવરસ્પીડિંગ ન કરે, ટ્રાફિક નિયમો ન તોડે અને માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ વગર વાહનો ન ચલાવે.

આ અંગે જે ડ્રાઈવરો વાહન ચલાવવા માટે સક્ષમ ન હતા અથવા જેમની કામગીરીમાં બેદરકારી અને ક્ષતિઓ જોવા મળી હોય તેવા પૂર્વ ઝોનનાં રેફ્યૂઝ વિભાગના સેનિટેશન સ્ટાફ દ્વારા કરવામાં આવેલી ચકાસણી દરમિયાન વિરાટનગર વોર્ડમાં અમિત નિનામા અને પશ્ચિમ ઝોનનાં નવરંગપુરા વોર્ડનાં જીતેન્દ્ર મુનિયા એમ 2 ડ્રાઈવરને તાત્કાલિક અસરથી ફરજ પરથી દૂર કરવામાં આવ્યા છે.

ડ્રાઈવરોને દૂર કરવાની સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરનારી સંબંધિત એજન્સીઓ સામે પણ નિયમ અનુસાર પેનલ્ટી સહિતની દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં તકેદારીના ભાગરૂપે ડ્રાઈવરોને માહિતી સ્વરૂપે સલામત વાહન હંકારવા અંગે તાલીમ પણ આપવામાં આવી છે. આગામી સમયમાં પણ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આ પ્રકારની ચકાસણીની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

### અમીરાત અને અખંડ ભાઈચારાની અનોખી મિસાલ

# અમદાવાદમાં મુસ્લિમ બિરાદરોએ જગન્નાથ મંદિરના મહંતશ્રીનું સન્માન કરી કોમી એકતાનો સંદેશ આપ્યો

**અમદાવાદ**

શાંતિ, સંયમ અને સદ્ભાવનાના પ્રતીક સમી જગન્નાથજીની રથયાત્રા પૂર્વે અમદાવાદની ઓળખ સમાન ગંગા-જમુની સંસ્કૃતિનું વધુ એક સુંદર ચિત્ર સામે આવ્યું છે. દર વર્ષની પરંપરાને જીવંત રાખતા, અમદાવાદના મુસ્લિમ બિરાદરો અને પ્રતિષ્ઠિત અગ્રણીઓએ જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરે પહોંચીને ભગવાન જગન્નાથજીના આશીર્વાદ લીધા હતા. આ પાવન અવસરે તેઓએ મંદિરના પૂજ્ય મહંત દિલીપદાસજી મહારાજને ખાસ મોમેન્ટો અર્પણ કરી, પુષ્પગુચ્છ આપી આદરપૂર્વક સન્માન કર્યું હતું.

આ પ્રસંગે બંને કોમના અગ્રણીઓએ પરસ્પર ગળે મળીને હિન્દુ-મુસ્લિમ



એકતા અને અખંડ ભાઈચારાનો જોરદાર સંદેશ વહેતો કર્યો હતો. રથયાત્રા એ માત્ર હિન્દુ ધર્મનો તહેવાર નથી, પરંતુ વર્ષોથી આ ઉત્સવ અમદાવાદના તમામ ધર્મના લોકોને એક તાંતણે બાંધતો આવ્યો છે. મુસ્લિમ સમાજના આગેવાનોએ રથયાત્રાના શાંતિપૂર્ણ અને ભવ્ય આયોજન માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને આ પવિત્ર યાત્રા સમગ્ર દેશમાં શાંતિ, સમૃદ્ધિ અને સદ્ભાવના લાવે તેવી પ્રાર્થના કરી હતી.

પૂજ્ય મહંત દિલીપદાસજી મહારાજે પણ મુસ્લિમ ભાઈઓ દ્વારા રજૂ કરાયેલા આ પ્રેમને સહર્ષ સ્વીકાર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સદીઓથી રથયાત્રાના રૂટ પર મુસ્લિમ બિરાદરો દ્વારા ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીના રથનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવે છે, જે ભારતની અસલી તાકાત અને સહિષ્ણુતાનું પ્રતીક છે.

મીડિયાના કેમેરામાં કેદ થયેલી મુસ્લિમ આગેવાનો અને મંદિરના મહંતશ્રી વચ્ચેની આ સુખદ મુલાકાતની તસવીરોએ નફરત ફેલાવનારા તત્વોને જોરદાર તમાચો માર્યો છે.

# રથયાત્રા પૂર્વે 'પાક્કો ગુજરાત'ના તંત્રી પવન માકને લીધા મહાપ્રભુ અને પૂજ્ય દિલીપદાસજી મહારાજના આશીર્વાદ

## 149મી રથયાત્રાના પાવન અવસરે અખબાર કલર પેજમાં લોન્ચ થશે





**અમદાવાદ**

ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૯મી પરંપરાગત રથયાત્રાને લઈને સમગ્ર ગુજરાતમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. પ્રભુ નગરચર્યાએ નીકળીને ભક્તોને દર્શન આપવાના છે, ત્યારે રથયાત્રાના આ પરમ પવિત્ર મહોત્સવ પૂર્વે 'પાક્કો ગુજરાત' દૈનિક અખબાર પરિવાર માટે પણ એક ઐતિહાસિક ક્ષણ આવી રહી છે. રથયાત્રાના આ મંગલમય અને શુભ દિવસે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સંપૂર્ણ કલર સ્વરૂપમાં (Color Edition) લોન્ચ થવા જઈ રહ્યું છે. આ ભવ્ય શુભારંભના ભાગરૂપે 'પાક્કો ગુજરાત' અખબારના મુખ્ય તંત્રી (એડિટર) પવન માકને જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરે પહોંચીને ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીના ભાવપૂર્વક દર્શન કરી દિવ્ય આશીર્વાદ મેળવ્યા હતા. પવન માકને મહાપ્રભુના ચરણોમાં શીશ ઝુકાવીને પ્રાર્થના કરી હતી કે હે નાથ, જગતના તમામ ભક્તો અને નાગરિકોના શારીરિક, માનસિક તેમજ આર્થિક દુઃખ-દર્દ અને કષ્ટો દૂર થાય અને સૌના જીવનમાં સુખ, શાંતિ તથા સમૃદ્ધિનો વાસ થાય. દર્શનાભિલાષ બાદ તંત્રી પવન માકને જગન્નાથ મંદિરના ગાદીપતિ પૂજ્ય મહંતશ્રી દિલીપદાસજી મહારાજની મુલાકાત લીધી હતી. તેઓએ પૂજ્ય બાપુના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂજ્ય દિલીપદાસજી મહારાજે પણ પવન માકનને આશીર્વચન પાઠવ્યા હતા અને રથયાત્રાના પાવન પર્વે લોન્ચ થઈ રહેલા 'પાક્કો ગુજરાત'ના કલર એડિશનના નૂતન પ્રકલ્પ માટે મંગલકામનાઓ વ્યક્ત કરી હતી.

આ પવિત્ર મુલાકાત વેળાએ પવન માકને જણાવ્યું હતું કે, ૧૪૯મી રથયાત્રા શાંતિ, સૌહાર્દ અને ભક્તિમય વાતાવરણમાં સુખ-રૂપ સંપન્ન થાય તેવી પ્રાર્થના સાથે અમે પ્રભુના દ્વારે આવ્યા છીએ. જન-જનનો અવાજ બનેલું 'પાક્કો ગુજરાત' અખબાર હવે રથયાત્રાના પવિત્ર દિવસથી આકર્ષક કલર પેજ સાથે વાચકો સમક્ષ નવો અવતાર ધારણ કરશે. ભગવાન જગન્નાથજી અને પૂજ્ય સંતોના આશીર્વાદથી અમારું અખબાર હંમેશા સત્ય અને લોકહિતના માર્ગે અડીખમ રહીને આગળ વધશે.

# PIની કાનૂની પ્રક્રિયા રદ કરવાની અરજી ફગાવતી HC

## ઉનામાં દિવથી આવતા પ્રવાસીઓને ડરાવીને ઉના પોલીસ કરતી હતી તોડ, PI પણ આરોપી

**અમદાવાદ**

ગીર સોમનાથ ACB પોલીસ મથકે વર્ષ 2024 માં જાન્યુઆરી મહિનામાં ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામી, ASI નિલેશ મૈયા અને નાગરિક આરોપી નીલેશકુમાર તડવી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 7A, 12, 13(1), 13A તથા IPC 120B અને 34 મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં PI નિલેશ ગોસ્વામીએ આ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેને ફગાવી દેવામાં આવી છે. ઘટનાને વિગતે જોતા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી માંડવી ચેકપોસ્ટ ઉપર પ્રોહેબિશન જેવા કેસમાં ફસાવી દેવા અથવા કેસ ના કરવાની ધમકી આપીને રોકડ, ATM અને ઓનલાઈન પૈસા પડાવી લેવાનું ગેરકાનૂની કામ કરતા હતાં. આ માટે ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામીએ નિલેશકુમાર તડવી નામનો એક વ્યક્તિ રાખ્યો હતો. જે માંડવી ચેકપોસ્ટ ખાતે ઊભો રહેતો અને અન્ય પોલીસ કચેરીઓ કેટલા પૈસા ઉઘરાવે છે, તેનું ધ્યાન રાખતો. વળી કોઈ પર્યટક પોલીસનો વીડિયો ના ઉતારે તેનું પણ ધ્યાન રાખતો. PI આ કામ માટે મહિને તેને 20 હજાર રૂપિયા આપતા. ACB ને બાતમી મળતા ACB એ છટકું ગોઠવ્યું હતું. પરંતુ છટકા વાળી ગાઈમાં રેકોર્ડર જોઈ હતા પોલીસ કર્મચારીઓને શંકા જતા તમામ ભાગવા લાગ્યા હતા. જેમાં નિલેશકુમાર તડવી ઝડપાઈ ગયો હતો. જેના મોબાઈલમાં PI નું નામ 'ગુરુજી' તરીકે સેવ હતું. PI તડવી પાસેથી પ્રતિબંધિત પદાર્થો, હિસાબ અને રૂપિયા મંગાવતા હતા. જો કે ફરિયાદ નોધાતા PI અને ASI ફરાર થઈ ગયા હતા. મોબાઈલ ફોનની ઓડિયો ફાઈલો તપાસતા અરજદાર અને પોલીસ કર્મચારીઓ વચ્ચેની વાતચીત મળી આવી હતી. જેમાં અરજદાર ચેક પોસ્ટ પરથી ઉઘરાવવામાં આવતા ગેરકાયદેસર નાણાં પોતાની પાસે પહોંચાડવાની સૂચના આપતા સંભળાયા હતા.

# સાબરમતી કાળીગામ યાર્ડમાં પેસેન્જર કોચમાં આગ : ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો

**અમદાવાદ**

અમદાવાદના સાબરમતી કાળીગામ યાર્ડમાં પેસેન્જર ટ્રેનના કોચમાં કોઈ કારણોસર આગ ફાટી નીકળતા ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં તાત્કાલિક 4 ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આ ઘટનામાં જાનહાનિ થઈ નથી. આગ લાગવાના કારણ અંગે રેલવે વિભાગ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સાબરમતી કાળીગામ યાર્ડમાં આવેલા એક ટ્રેનના કોચમાં અચાનક આગ લાગી હતી. આગ લાગવાના પગલે





યાર્ડમાં કામ કરતા કર્મચારીઓ અને સ્ટાફ દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડની ટીમને જાણ થઈ હતી. જેથી ફાયરની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરની ગાડીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. પેસેન્જર ટ્રેન નો કોચ હતો જો કે યાર્ડમાં ગાડી લાવવામાં આવી હતી તેથી તેમાં કોઈ મુસાફર હતા નહીં. રેલ્વે વિભાગના અધિકારીઓ પણ તાત્કાલિક યાર્ડમાં દોડી આવ્યા હતા.

રેલ્વે વિભાગ દ્વારા કોચમાં આગ કયા કારણોસર લાગી તેને લઈને તપાસ હાથ ધરવામાં આવી છે. રેલવે યાર્ડમાં જ્યારે ખોજ પડ્યો હતો ત્યારે કોચમાં કામગીરી ચાલી રહી હતી કે પછી અન્ય કોઈ વ્યક્તિ તેમાં હાજર હતું કે કેમ અને આગ લાગવા અંગે સ્પષ્ટ કારણ શું છે તે વગેરેની તપાસ હાથ ધરવામાં આવી છે.

### બૂટલેગરે રીક્ષામાંથી બોટલ કાઢીને શખસને આપી

# નવરંગપુરામાં જાહેરમાં દારૂ વેચાણનો વીડિયો વાયરલ

**અમદાવાદ**

શહેરના પોશ વિસ્તાર એવા નવરંગપુરામાં જાહેરમાં રીક્ષામાં બેસીને દારૂ વેચનાર શખસનો વીડિયો વાયરલ થયો છે. આ શખસ નવરંગપુરામાં કોલેજ અને હોસ્ટેલ પાસે જ દારૂ વેચી રહ્યો હતો. વીડિયો વાયરલ થયા બાદ પોલીસે દારૂની ચાર બોટલ સાથે બૂટલેગરને ઝડપીને કેસ કર્યો છે. જેને લઈ સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલ ઊભા થયા છે. જો કે આ અંગે ઉચ્ચ અધિકારીએ પણ તપાસના આદેશ આપ્યા છે.

શહેરના નવરંગપુરા લિબર્ટી ચાર રસ્તા પાસે એક શખસ જાહેરમાં બિન્દાસ્ત થઈને રીક્ષામાં દારૂ લાવીને લોકોને વેચી રહ્યો હતો. આ શખસ દારૂની બોટલનો મોટો જથ્થો લઈને આવેલો દેખાય છે. પરંતુ આ મામલે પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નહતી.

આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસ જાગી હતી. વીડિયો વાયરલ થયા બાદ ન છૂટકે નવરંગપુરા



પોલીસે ગુનો નોંધવો પડ્યો છે. પોલીસે બુટલેગર પાસેથી માત્ર 4 બોટલ દારૂ કબજે કરી ગુનો નોંધ્યો છે.

જાહેરમાં દારૂ વેચવાનો વીડિયો વાયરલ થતા નવરંગપુરા પોલીસ સામે સવાલ ઊભા થયા છે. કારણ કે પોલીસ સ્ટેશનથી માત્ર 700-800 મીટર દૂર દારૂ વેચાય છે. આ ઉપરાંત જે જગ્યાએ દારૂ વેચતો હતો ત્યાં આસપાસ જાણીતી કોલેજ અને વિધાર્થીઓની હોસ્ટેલ પણ આવેલી છે. જેના અસર વિધાર્થીઓ પર પણ પડી શકે છે. શહેરના પોશ વિસ્તારમાં આ પ્રમાણેનો કિસ્સો સામે આવતા પેટ્રોલિંગ અને કાર્યવાહી પર પણ સવાલ ઊભા થયા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI